

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

رَبِّ زِدْنِيْ عِلْمًا وَّارْزُقْنِيْ فَهْمًا

અય મારા રબ! મારું ઈલ્મ વધાર,
અને મને સમજદારીની રોજી અતા કર.



સરપરસ્ત

મર્હૂમ અલ્હાજ પીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન જાફરી (રહ.) અને પીર સૈયદ મોહંમદ કામરાનહુસૈન જાફરી (મદ્.)



અખિલ ગુજરાત શીઆ જાફરી મશાયખી મોમિન સમાજનું ગૌરવવંતુ સામયિક

جعفری آواز
જાફરી આવાઝ

શીઆ જાફરી મશાયખી વિકાસ મંડળનું મુખપત્ર

Vol.-13, Issue-11, October-2026

વર્ષ : ૪૫ સળંગ અંક : ૫૩૮

સંપાદક મંડળ

આદ્ય તંત્રી : મર્હૂમ 'દીપક' દાંત્રેલિયા

તંત્રી : કાસિમભાઈ વિજાપુરા–૯૪૨૬૫૪૧૪૭૨

સહતંત્રી : ફૈઝમોહંમદ મસી

સલાહ–માર્ગદર્શન : મૌલવી હાસમભાઈ ગાંધી (કેસીમ્પા)
મૌલવી સાદિકઅલી નાંદોલીયા (ડીંડરોલ)

લેસર&ગ્રાફીક વર્ક : શબ્બીરઅલી રેવાસીયા
અકબરહુસૈન ફત્તેહ

વ્યવસ્થાપક મંડળ

વ્યવસ્થાપક : રઝાઅલી ખાણુશીયા–૮૪૬૦૪૯૨૪૨૯

કાર્યાલયનું સરનામું

'જાફરી આવાઝ' (માસિક)

મુ.પો. ઈલોલ તલાવ, તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા
પીન – ૩૮૩૨૨૦

Website : www.jafariaawaz.com ❋ email : jafariaawaz@gmail.com

Title Calligraphy: http://www.freepik.com

લેખાનુક્રમ

- **ઉઘડતે પાને**
  હિદાયત: હઝરત અશ્મૂઈલ (અ.) અને..... 3
  -હઝરત અલ્હાજ પીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન જાફરી (રહ.)
- **તંત્રી લેખ**
  કરબલામાં પ્રથમ દિવસોના બનાવો..... 9
  -મોમિન કાસિમભાઈ વિજાપુરા
- **કુરઆન અને હદીસ**
  કુરઆન શિક્ષણ..... 13
  -હઝરત પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન જાફરી (રહ.)
  ગુરરુલ હિકમ..... 15
  -જનાબ સૈયદ ઓવેસએહમદ ઝેડ. જાફરી
  નહ્જુલ અસરાર..... 17
  -મોમિન કાસિમભાઈ વિજાપુરા
- **તરીકત**
  મશાયખવાણી 21
  -હઝરત પીર મશાયખ (રહ.)
- **અદબિયાત**
  મીર અનીસના મરસિયા..... 25
- **તારીખ અને ભૂગોળ**
  સીરતે અઈમ્માએ અહલેબૈત (અ.) 29
  -જનાબ સૈયદ વસીહૈદર ઝેડ. જાફરી
  અલ ઈર્શાદ..... 33
  -જનાબ સૈયદ વસીહૈદર ઝેડ. જાફરી
- **અખ્લાક**
  મિસ્બાહુશશરીઆ..... 37
  -હઝરત અલ્હાજ પીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન જાફરી (રહ.)
  હાજરપીર સૈયદ મોહંમદ કામરાનહુસૈન જાફરી (મદ્.)
  તહ્ઝીબુલ ઈસ્લામ..... 41
  -હઝરત પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન જાફરી (રહ.)
  આધુનિક સમયમાં એક મુસ્લિમ માટે માર્ગદર્શન..... 45
  -મોમિન સખાવતઅલી સુણસરા
- **અન્ય**
  વ્યકિત વિશેષ – હઝરત અકીલ (અ.)ના ફરઝંદો.. 51
  -મૌલવી મોહંમદઅલી ભગત
  આપણા ઘરની વાતો..... 55
  'જાફરી આવાઝ'ને મળેલ ડોનેશન..... 56

હિદાયત:

હઝરત અશ્મૂઈલ (અ.) અને હઝરત દાવૂદ (અ.)નો કિસ્સો

હઝરત અલ્હાજ પીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન જાફરી (રહ.)

اَعُوْذُبِاللّٰہِ مِنَ الشَّیْطَانِ الرَّجِیْمِ

بِسْمِ اللّٰہِ الرَّحْمٰنِ الرَّحِیْمِ

اَلْحَمْدُ لِلّٰہِ رَبِّ الْعٰلَمِیْنَ وَالصَّلَاۃُ وَالسَّلَامُ عَلٰی مُحَمَّدٍ وَّاٰلِہِ الطَّیِّبِیْنَ

હઝરત દાવૂદ (અ.)નો કિસ્સો

(ગતાંકનું ચાલુ)

قرآن اس معنوی فضیلت کا ذکر کرنے کے بعد ایک مادی فضیلت کا بیان شروع کرتے ہوئے کہتا ہے:

આ તો તેમની આધ્યાત્મિક વિશેષતા. હવે તેમની શારીરિક વિશેષતા વિષે કહે છે.

"اور ہم نے اس کے لئے لوہے کو نرم کر دیا۔"

આ મોઅજિઝો પણ આપણે જાણીએ છીએ. આ એમના શારીરિક મોઅજિઝાઓમાંથી હતો કે જ્યારે હઝરત દાવૂદ (અ.) લોખંડને હાથમાં લેતા હતા, ત્યારે કે જાણે મીણ હોય (મોમ હોય) તેવી રીતે પીગળી જતું હતું – લોખંડ.

ہو سکتا ہے کہ یہ کہا جائے کہ یہ خدا نے داوودؑ کو معجزانہ طور پر لوہے کو نرم کرنے کا طریقہ سکھایا تھا: "اس طرح سے کہ وہ اس سے زرہ بنانے کے لئے مضبوط و محکم اور پتلی پتلی نازک قسم کی کڑیاں بنا سکیں۔"

એટલે કે આ કહે છે કે શક્ય છે કે એવું કહેવામાં આવે કે આ મોઅજિઝો એટલા માટે તેમને આપવામાં આવેલો હતો કે... હવે કુરઆન શરીફની આયત શરૂ થાય છે, આ આયતથી આવું પ્રતીત થાય છે કે, આવી રીતે હઝરત દાવૂદ (અ.) ઝિરહ (બખ્તર) જે હોય જેમનું લોહાથી (લોખંડથી) બનાવતા હતા, અને ઝિરહની પાતળી–પાતળી નાજુક જે કડીઓ હોય, એ તૈયાર કરતા હતા, આ મોઅજિઝા વડે. (સૂરા સબા, આયત–૧૧)

બીજું એ કે આ મોઅજિઝાનો બીજો ઉપયોગ શું હોઈ શકે. એ વિષે...

یا یہ کہا جائے کہ داوودؑ سے پہلے بھی جنگوں میں دفاع کے لئے لوہے کی سلیٹوں سے استفادہ ہوتا تھا، کہ جو بھاری بھی ہوتی تھیں، اور اگر انہیں پہنا جاتا تو وہ اتنی خشک اور بے لچک بھی ہوتی تھیں کہ جو جنگجو غازیوں کے لئے انتہائی پریشان کن ہوتی تھیں، کوئی بھی شخص اس زمانہ تک لوہے کی باریک اور مضبوط کڑیوں سے زرہ کی مانند کوئی ایسی چیز نہ بنا سکا تھا کہ جو لباس کی مانند آسانی کے ساتھ بدن پر آ سکے اور بدن کی حرکات کے ساتھ نرم اور رواں رہے۔

એટલે દાવૂદ (અ.)ના જમાના પહેલાં જે

حاصل کرتے ہو، داوودؑ چالیس دن تک روتے رہے،

એવી હદીસ છે કે અલ્લાહની વહી આવી કે તમે સારા માણસ છો, પરંતુ બૈતુલમાલથી ખાઓ છો, પોતાની રોજી બૈતુલમાલથી પ્રાપ્ત કરો છો. આવી વહી આવી એટલે ચાલીસ દિવસ સુધી તેમને પસ્તાવો રહ્યો, અને રડતા રહ્યા.

(اور خدا سے اس کے حل کی درخواست کی)

અને અલ્લાહથી આનો ઉકેલ મેળવવા માટે દુઆ માગી.

تو خدا نے لوہے کو ان کے لئے نرم کر دیا اور ہر روز ایک زرہ بنا لیتے تھے... اور اس طرح سے وہ بیت المال سے بے نیاز ہو گئے۔"

તો અલ્લાહે તેમને આ મોઅજ્જિઝો આપ્યો, અને તેઓ આ મોઅજ્જિઝા વડે દરરોજ એક બખ્તર બનાવતા. તેને વેચીને પોતાની રોજી કમાવતા, અને બૈતુલમાલથી રોજી મેળવવાથી બેનિયાઝ થઈ ગયા.

بہر حال داوودؑ اس توانائی کے ذریعہ، کہ جو خدا نے انہیں دی تھی، بہترین طریق یعنی جہاد کا وسیلہ بنانے سے، ایسا وسیلہ جو دشمن سے حفاظت کرے۔ استفادہ کرتے تھے، اور اس سے زندگی کے عام وسائل میں ہر گز فائدہ نہ اٹھایا، اور عجب یہ کہ اس کی آمدنی سے بعض روایات کے مطابق۔ اپنی سادہ زندگی کی ضروریات پورا کرنے کے علاوہ کچھ نہ کچھ حاجت مندوں پر بھی خرچ کیا کرتے تھے،

એટલે જે આમદની (આવક) થતી તેમાં બખ્તર હતાં તે એટલાં ભારે અને જાડાં હોતાં હતાં કે યોદ્ધા જે હતા, તેમને ભારે લાગતાં અને તેમની યુદ્ધ કરવાની સક્ષમતા તેઓ ઓછી કરી દેતાં હતાં, પરંતુ આ મોઅજ્જિઝા વડે હઝરત દાવૂદ (અ.) એ એવી બારીક બારીક ઝિરહ બનાવી કે લોકોની સક્ષમતા વધી ગઈ. યોદ્ધાઓની સક્ષમતા વધી ગઈ.

قرآن کا ظاہر یہ ہے کہ لوہے کا داوودؑ کے ہاتھ میں نرم ہونا، خدا کے حکم سے اور معجزانہ صورت میں انجام پذیر ہوتا تھا۔

એટલે આ મોઅજ્જિઝો હતો.

اس بات میں کیا چیز مانع ہے کہ وہی ذات کہ جو بھٹی کو لوہا نرم کرنے کی خاصیت بخشی ہے، اسی خاصیت کو ایک دوسری شکل میں داوودؑ کے پنجوں میں قرار دے دے، بعض اسلامی روایات میں بھی اسی معنی کی طرف اشارہ ہوا ہے۔

એટલે આમાં શું આશ્ચર્યની વાત છે. ભઠ્ઠીને પણ અલ્લાહે જ તો શક્તિ આપેલી છે કે લોખંડને પીગળાવી નાખે તો અલ્લાહે એ શક્તિ ભઠ્ઠીને બદલે અલ્લાહના કોઈ નબીને આપી દીધી હોય તો તેમાં આશ્ચર્યની શું વાત છે, તો આ વિષે એક હદીસ છે.

ایک حدیث میں آیا ہے کہ خدا نے داوودؑ کی طرف وحی بھیجی کہ:

વહી મોકલી દાવૂદ (અ.) તરફ. આ હદીસ છે:

"تم ایک اچھے آدمی ہو، مگر تم بیت المال سے اپنی روزی

પોતાનો જીવનનિર્વાહ – જે બિલકુલ સાદું હતું – તેનો ખર્ચ તેઓ લઈ લેતા, અને પછી લોકોની મદદ કરતા હતા.

ان تمام باتوں کے علاوہ اس کا ایک فائدہ یہ تھا کہ وہ ان کا ایک بولتا ہوا معجزہ شمار ہوتا تھا۔

એટલે જીવતો જાગતો મોઅજ્જિઝો જેને કહેવાય તે, લોકો તેની ગણતરી તેમાં કરતા હતા.

حضرت داوود علیہ السلام کی آزمائش

قرآن میں پہلے حضرت داوود علیہ السلام کی خاص صفات بیان کی گئی تھیں اور ان پر اللہ تعالیٰ کی عظیم نعمتوں کا ذکر تھا۔ اس کے بعد اب دادرسی اور قضاوت کے سلسلے میں حضرت داوودؑ کو پیش آنے والے ایک واقعے کا تذکرہ۔

એક પ્રસંગ કુરઆન શરીફ વર્ણવે છે.

پہلے پیغمبرِ اسلام ﷺ سے خطاب کرتے ہوئے ارشاد ہوتا ہے:

રસૂલલ્લાહ (સ.)ને ઉદ્દેશીને કુરઆન શરીફમાં ઈર્શાદ થાય છે.

"کیا داوودؑ کی دیوارِ محراب سے اوپر جانے والے شکایت کنندگان کا واقعہ تجھ تک پہنچا ہے؟"

(સૂરા સાદ, આયત–૨૧)

એટલે દાવૂદ (અ.)ની મહેરાબની જે દીવાલ હતી – જ્યાં તેઓ ઈબાદત કરતા હતા – એનાથી ઉપર જવાવાળા શિકાયત કરનારા, ફરિયાદ લઈને આવનારા લોકો, કે જેઓ મહેરાબની દીવાલના ઉપર ચડી ગયા હતા અથવા ઉપર આવી ગયા હતા. તે વાકિયો (પ્રસંગ) અમે તમને સંભળાવ્યો છે. આમ અલ્લાહ રસૂલલ્લાહ (સ.)ને કહે છે.

بہر حال حضرت داوود علیہ السلام کے ارد گرد اگرچہ بہت سے محافظین موجود تھے تاہم دو آدمی ایک جھگڑے کے سلسلے میں عام راستے سے ہٹ کر محراب اور دیوارِ قصر سے اوپر آئے اور اچانک آپؑ کے سامنے آدھمکے۔

એટલે આપણે જોઈ ગયા છીએ, હઝરત દાવૂદ (અ.) જ્યારે ઈબાદત કરતા હતા તો એક હજાર લોકો તેમની આજુબાજુ રહેતા હતા હિફાઝત માટે. તો આ બે લોકોએ ઝઘડો કર્યો, અને દાવૂદ (અ.) પાસે આવવાનું ઈચ્છતા હતા ફેંસલા માટે, તો આ એક હજાર લોકોને એમને કઈ રીતે મળવું દાવૂદ (અ.)ને? ઈબાદતમાં મશગૂલ હોય અને એક હજાર લોકો હિફાઝત કરતા હોય તો કઈ રીતે મળવું? તો દીવાલ ફાંદીને એમની સામે આવી ગયા કે એક હજાર લોકોની નજરોથી બચી જાય. હવે આ વાતને આગળ ચલાવતાં–ચલાવતાં કુરઆન શરીફ ફરમાવે છે.

"وہ اچانک داوودؑ کے سامنے آ نکلے (بغیر کسی اطلاع کے اور بغیر کسی اجازت کے) لہٰذا ان پر نظر پڑی تو داوودؑ وحشت زدہ ہوئے اور گھبرائے۔"

(સૂરા સાદ, આયત–૨૧)

એટલે અચાનક દીવાલ ફાંદીને આવીને બે

અને અમને ઈન્સાફ જોઈએ.

"اب آپؑ ہمارے بارے میں حق کے ساتھ فیصلہ کریں اور ظلم روا نہ رکھیں اور راہِ راست کی طرف ہماری ہدایت کریں۔"

(સૂરા સાદ, આયત–૨૨)

હવે અમને હિદાયત કરો કે ઈન્સાફ કઈ જગ્યાએ છે.

واضح رہے کہ اس مقام پر حضرت داوود علیہ السلام کو زیادہ موقع نہ دیا۔ ایک نے شکایت کرنے میں پہل کی، کہنے لگا: "یہ میرا بھائی ہے، اس کے پاس ننانوے بھیڑیں ہیں اور میرے پاس ایک سے زیادہ نہیں لیکن یہ اصرار کرتا ہے کہ یہ ایک بھی مجھے دیدے، گفتگو میں یہ مجھ پر بھاری ہے اور مجھ سے زیادہ باتونی ہے۔"

(સૂરા સાદ, આયત–૨૩)

એટલે બે ભાઈઓ હતા. એક પાસે નવ્વાણું ઘેટાંઓ હતાં, અને એક પાસે એક જ હતું. જે નવ્વાણું ઘેટાંવાળો હતો, તે બોલવામાં ચબરાક હતો, ચાલાક હતો. તેની દલીલો બહુ સશકત હતી. તે બીજા ભાઈને કહેતો હતો કે એક છે એ પણ મને આપી દે તો મારે સો પૂરાં થઈ જાય. તો સામે જે એક (ઘેટા)વાળો જે ભાઈ હતો તેની પાસે કોઈ દલીલ હતી નહીં, કારણ કે તે ચબરાક ન હતો, એટલે પોતાની દલીલ પેશ કરી શકતો ન હતો. પોતાનો પક્ષ મૂકી શકતો ન હતો. (ક્રમશ:)

જાણા આવીને ઊભા થઈ ગયા તો દાવૂદ (અ.) ડરી ગયા.

کیونکر انھیں خیال ہوا کہ ہو سکتا ہے ان لوگوں کا ان کے بارے میں غلط ارادہ ہو۔

એટલે તેઓ સમજ્યા કે તેઓ ઈબાદતમાં મશગૂલ હતા. હજાર લોકો તેમની હિફાઝત માટે હતા તો શકય હોય કે તેઓ નિહત્થા હોય અને બે લોકો અચાનક સામે દીવાલ ફાંદીને આવી જાય અને હજાર લોકો તેમનાથી બેખબર હોય તો આમનો ઈરાદો કદાચ હુમલો કરવાનો હોય તો દાવૂદ (અ.) નિહત્થા હતા. પોતાની સુરક્ષા કરી શકતા ન હતા એટલે તેમના મનમાં ભય થયો.

لیکن انھوں نے بہت جلد آپؑ کی پریشانی دور کرتے ہوئے کہا:

પરંતુ બે જાણા – જે આવી ગયા હતા – તેમણે કહ્યું,

"ڈریں نہیں، ہم دونوں ایک شکایت لے کر آپؑ کے پاس آئے ہیں۔

આપ અમારાથી ગભરાવો નહીં. એક શિકાયત છે, એ લઈને અમે આવ્યા છીએ.


ہم میں سے ایک نے دوسرے پر زیادتی کی ہے۔"

(સૂરા સાદ, આયત–૨૨)

એક માણસે બીજા ઉપર કંઈ અન્યાય કર્યો છે.

اور ہم آپؑ کے پاس دادرسی کے لئے آئے ہیں۔





૪૦૦ | **સંપાદન:** જાફરી આવાઝ (કાર્યાલય)

આડી ચાવીઓ

(૧) મુક્તિ, છુટકારો, બચાવ, સફાઈ (૪)
(૪) ગળ્યું પાણી (લીંબુ કે અન્ય રસ સહિતનું) (૪)
(૭) ખુદા, જગતનો પાલનહાર, રોજી આપનાર (૨)
(૮) હોઠ, ઓષ્ઠ, નદીનો કિનારો (૨)
(૯) ચકાસણી, સાર, જોર, શક્તિ, હિંમત (૨)
(૧૧) પુષ્કળ, વિપુલ પ્રમાણમાં (૪)
(૧૩) મીઠું, લવણ, ક્ષાર (૩)
(૧૫) શાહીનો ખડિયો, શાહી રાખવાનું પાત્ર (૩)
(૧૭) પ્રહાર, ફટકો, ઝાટકો (૨)
(૧૮) દાળ અને રોટલી (૫)
(૨૦) અવાજ, ધ્વનિ, આકાશવાણી (૨)
(૨૩) વરરાજા, દુલ્હો (૨)
(૨૪) નાડી, ધમની, પાંદડાના રેસા (૨)
(૨૬) શ્વાસ, શ્વાસ લેવાનો એક રોગ (૨)
(૨૭) ઔષધ, ઓસડ, મેડિસિન, ઈલાજ (૨)
(૩૦) પત્ર, કાગળ, લીટી, રેખા (૨)
(૩૨) દયા, કરુણા, કૃપા (૪)
(૩૫) ત્યારે, તે સમયે (૨)
(૩૬) પોકાર, હાક, ધાક, ધમકી (૪)
(૩૮) ગોર, કબ્ર, શબને દાટવાનું સ્થળ (૩)
(૪૦) વેચાણનામું, ઘરના વેચાણનો દસ્તાવેજ (૩)
(૪૧) એકની સંખ્યા પછી તે આવે (૨)

ઊભી ચાવીઓ

(૧) નષ્ટ, બેકાર, નકામું બનાવવું (૪)
(૨) લોટમાંથી બનાવેલું ગરમ પાતળું પીણું (૨)
(૩) તીવ્ર ઈચ્છા, ઝંખના (૩)
(૪) શંકા, વહેમ, આશંકા (૨)
(૫) દોરડી, દોરી, દોરડું, બંધન (૩)
(૬) લગ્નવિચ્છેદ, છૂટાછેડા, ફારગતી (૩)
(૯) બળ, શક્તિ, જોર (૨)
(૧૧) સ્વાર્થ, હેતુ, ધ્યેય (૪)
(૧૨) 'ખાતૂન' શબ્દનું બહુવચન, સ્ત્રીઓ, મહીલાઓ (૪)
(૧૪) હેતુ, ધ્યેય, આશય (૪)
(૧૬) વાયદો, વચન (૨)
(૧૯) ચણા, એક પ્રકારનું કઠોળ (૨)
(૨૧) મદદ માગનાર, ટેકો આપનાર (૫)
(૨૨) જન્મજાત, જન્મથી મળેલું (૫)
(૨૫) કઠણ, કઠોર, મજબૂત (૩)
(૨૮) આનંદનો એક ઉદ્‌ગાર (૨)
(૨૯) અરબી તખ્તીનો ત્રીજો મૂળાક્ષર (૧)
(૩૦) પત્ર, લીટી, રેખા (૨)
(૩૧) મોટી થાળી, રકાબી, તાસક (૩)
(૩૩) 'મલાએકા' શબ્દનું એકવચન (૩)
(૩૪) 'તાલિબ' શબ્દનું બહુવચન (૩)
(૩૭) કાળું, કાળા રંગવાળું (૨)
(૩૯) શાશ્વતતા, કાયમીપણું (૨)

Tameer

ALUMINIUM WINDOWS











તામીર

એલ્યુમિનિયમ વિન્ડો

દરેક પ્રકારનું એલ્યુમિનિયમનું
કામ કરી આપવામાં આવશે

Shop No-6 Luxura Arcade
Sedrana Sqaure Ta. Sidhpur Dist. Patan
Gujarat 384151

MO.7874842138 / 9930901264

કરબલામાં પ્રથમ દિવસોના બનાવો

મોમિન કાસિમભાઈ વિજાપુરા (મહેરપુરા)

ઈમામ હુસૈન (અ.)નો કાફલો કરબલામાં આવી પહોંચ્યો અને તેમના તંબુઓ ફુરાત નદીના કાંઠે ઊભા કરવામાં આવ્યા. જેવા સાથીદારો ગોઠવાઈ ગયા કે તરત જ ઈમામ હુસૈન (અ.) પોતાના ભાઈ અબ્બાસ (અ.)ને આજુબાજુના ઉજ્જડ રણપ્રદેશ તરફ લઈ ગયા, અને જુદી જુદી જગ્યાઓ બતાવી કે જ્યાં તેમના સહાબીઓ આશૂરાના દિવસે નીચે પડશે અને તેમને કતલ કરવામાં આવશે.

તે વિસ્તારમાં રહેતા લોકો બની અસદ કબીલાના હતા. ઈમામ હુસૈન (અ.)એ તેમની પાસેથી કરબલાની જમીન ખરીદી લીધી અને પછી તે જમીન તેમને પાછી બક્ષિસ તરીકે આપી દીધી. ત્યાર પછી આપ (અ.)એ તેમના પુરુષોને સંબોધીને કહ્યું,

"આ મહીનાની દસમી તારીખે તમે આ મેદાનમાં અમારી લાશોને મસ્તક કપાયેલી અને મસ્તક વગરની હાલતમાં પડેલી જોશો. મહેરબાની કરીને અમને દફ્ન કરી દેજો, અને જ્યારે અમારા ઝવ્વારો અમારી કબ્રની ઝિયારત કરવા માટે અહીં આવે, તો તેમની સાથે સન્માનપૂર્વક વ્યવહાર કરજો અને તેમને અમારી કબ્રોનાં નિશાન બતાવજો."

ત્યાર પછી આપ (અ.)એ તે કબીલાની સ્ત્રીઓ તરફ ફર્યા અને તેમને કહ્યું,

"અય ગુણવાન ખાતૂનો! જો તમારા શોહરો યઝીદથી ગભરાઈ જઈને અમને દફ્ન ન કરે, તો મહેરબાની કરીને તમે જાતે જ અમને દફ્ન કરી દેજો."

છેવટે આપ (અ.) બની અસદના બાળકો તરફ ફર્યા અને કહ્યું,

"અય માઅસૂમ બાળકો! જો તમારાં માબાપ હાકિમના ડરને લીધે અમને દફ્ન ન કરે, તો તમે થોડી થોડી માટી અમારી લાશો ઉપર નાખજો અને અમારી લાશોને ઢાંકી દેજો."

હૃદયને હચમચાવી નાખે તેવી ઈમામ હુસૈન (અ.)ની વિનંતિએ બધા જ સાંભળનારાઓને રડાવી દીધા.

જ્યારે કૂફામાં યઝીદના ગવર્નર ઉબૈદુલ્લાહ ઈબ્ને ઝિયાદે જાણ્યું કે હુર ઈબ્ને યઝીદ રિયાહીએ ઈમામ હુસૈન (અ.) અને તેમના સાથીદારોને કરબલામાં લાવી દીધા છે, તો તેમનો ઘેરો ઘાલવા માટે તેણે લશ્કરી ટુકડીઓ મોકલી. યઝીદ તરફથી કરબલામાં આવનાર પહેલો માણસ અમ્ર ઈબ્ને સઅદ હતો કે જે બધા જ લશ્કરી દળોનો સરસેનાપતિ હતો. તે પોતાની સાથે છ હજાર

પુરુષોને લાવ્યો હતો. ત્યાર પછી એક પછી એક લશ્કરી ટુકડીઓ કરબલાના મેદાનમાં ખડકાવા લાગી. બધા ઇતિહાસકારો એકમત છે કે ઓછામાં ઓછા યઝીદના ૩૩ હજાર માણસો ઈમામ હુસૈન (અ.)ની સામે લડવા માટે ભેગા થઈ ગયા, જ્યારે કેટલાક એવું દર્શાવે છે કે તે આંકડો ૮૦ હજાર માણસોની નજીક હતો. આ વિરાટ લશ્કર યઝીદ તરફથી વચન આપવામાં આવેલ ઈનામ લેવાની લાલચે ઈમામ હુસૈન (અ.) અને તેમના સાથીદારોની કત્લેઆમ કરવાનું વલણ ધરાવતું હતું. આ લોકોમાંથી ઘણા તો કૂફાના એવા લોકો હતા કે જેમણે શરૂઆતમાં ઈમામ હુસૈન (અ.)ને કૂફા આવવાનું આમંત્રણ આપ્યું હતું.

આ લશ્કરનું પહેલું કાર્ય ઈમામ હુસૈન (અ.)ને એવો હુકમ આપવાનું હતું કે તેમના તંબુઓને નદીની નજીકથી ખસેડી લેવામાં આવે. અબ્બાસ (અ.)એ આ હુકમનો વિરોધ કર્યો એવો દાવો કરીને કે અમે નદી પર પહેલાં કબજો જમાવ્યો છે, અને નબી (સ.)ના નવાસાનો અહીં રોકાવાનો અધિકાર છે કે જ્યાં તેમણે પહેલાં મુકામ કર્યો છે.

જ્યારે દુશ્મનોએ આપ (અ.)ના તંબુઓ તરફ આક્રમણ કરવાની ધમકી આપી,તો સિંહ જેવા દિલવાળા અબ્બાસ (અ.) અડગ બનીને ઊભા થઈ ગયા અને એવી બૂમ પાડીને તલવાર ખેંચી કે, "જો કોઈ એક ડગલું આગળ વધવાની હિંમત કરશે, તે મસ્તક વગરનો બનીને જમીન પર પડી જશે." આપ (અ.)ની બહાદુરી પ્રખ્યાત હતી, તેથી કોઈ પણ માણસ એક ડગલું નજીક ભરવાની હિંમત કરી શક્યો નહીં. જો કે, ઈમામ હુસૈન (અ.)એ પોતાના ભાઈ અબ્બાસ (અ.)ને આવું કહ્યું,

"ભાઈ અબ્બાસ! લોહી વહાવવાની શરૂઆત આપણાથી ન થવા દો. જ્યારે અલ્લાહ આપણી સાથે છે, તો કંઈ વાંધો નહીં, ભલે આપણે નદીથી ગમે તેટલા દૂર કેમ ન હોઈએ."

ત્યાર પછી ઈમામ હુસૈન (અ.)એ પોતાના તંબુઓને રણના અંદરના ભાગમાં ખસેડવાનો હુકમ કર્યો.


ત્યાર પછીના દિવસોમાં ઈમામ હુસૈન (અ.) અને અમ્ર ઈબ્ને સઅદની વચ્ચે ઘણી મીટિંગો થઈ. અમ્રએ એવું કહેવાનો આગ્રહ ચાલુ રાખ્યો કે યુદ્ધ બંધ રાખવા માટેનો એકમાત્ર રસ્તો ઈમામ હુસૈન (અ.) માટે એ છે કે આપ (અ.) યઝીદની બૈઅતને કબૂલ કરી લે. તેણે કહ્યું કે એકવાર બૈઅત કબૂલ કરી લેવામાં આવશે, તો બધી જ દુન્યવી સુખ સગવડો આપ (અ.)ને આપવામાં આવશે. જો કે, ઈમામ હુસૈન (અ.) તો પોતાના ઈરાદામાં મક્કમ જ રહ્યા અને જવાબ આપ્યો,

"હું કદી પણ કોઈને તાબે નહીં થાઉં કે જે અલ્લાહને માનતો જ ન હોય અને જે માણસ શબ્દો દ્વારા કે કાર્યો દ્વારા તેનો વિરોધ કરતો હોય. હું ગમે તેવી મુસીબતોનો સામનો કરવા માટે તૈયાર છું, પંરતુ હકને બાતિલના શરણે નહીં થવા દઉં."

સાતમી મોહર્રમના દિવસે, ઈમામ હુસૈન (અ.)

માટે પાણી બંધ કરવાનો અમ્ર ઈબ્ને સઅદ ઉપર હુકમ આવ્યો. તે દિવસ પછી ઈમામ હુસૈન (અ.) ના તંબુઓમાં પાણીનું એક ટીપું સુદ્ધાં પહોંચવાની મનાઈ ફરમાવવામાં આવી. દરેક જગ્યાએથી દઝાડી નાખતાં ગરમીનાં મોજાં આવતાં હતાં અને અતિશય તરસને લીધે બાળકો રડવા લાગ્યાં. નાનાં નાનાં બાળકોને પણ દૂધ મળી શકતું ન હતું, કેમ કે તરસને લીધે તેમની માતાઓની છાતીઓમાં દૂધ પણ સૂકાઈ ગયું હતું.

ઈમામ હુસૈન (અ.)ના બહાદુર વફાદારો આ બધા અત્યાચારો ધીરજપૂર્વક સહન કરતા રહ્યા અને એ પ્રચંડ લશ્કરને યુદ્ધ માટેની તૈયારી કરતું નિહાળતા રહ્યા.



જીવનદીપ કેમીસ્ટ, હિંમતનગર

શબ્બીરહસન હાસમભાઈ વિજાપુરા

જેઠીપુરા-ઝહીરાબાદ

94080 14440

એડમીનીસ્ટ્રેટર જીવનદીપ હોસ્પિટલ & ICU

સ્નેહાધીન

મો.શેરઅલી હાસમભાઈ વિજાપુરા (D-Pharm, B.A. (જાહેર વહીવટ), PGDHR.)

ડૉ.ગોપલાણીની હોસ્પિટલના પહેલા માળે,
આરોગ્યનગર, બસસ્ટેન્ડની બાજુમાં, હિંમતનગર, સાબરકાંઠા - 383001

SOLWAVE™

ENGINEERING & TRADING

સોલવેવ સોલાર અપનાવો, આવતીકાલની બચત આજથી કરો!

પહેલાં		પછી
₹3000	→	₹0



₹78,000/- સબસિડી

ઓફર 31-03-2027 સુધી માન્ય

ફક્ત ₹૧૫૯૯/- ના હપ્તાથી શરૂ

- વીજળીનું બિલ લગભગ શૂન્ય
- ૨૫ વર્ષની પેનલ વોરંટી
- લોન સુવિધા ઉપલબ્ધ (બેંકની મંજૂરી અને લાગુ શરતોને આધીન.)

+91 90542 20440

GF - ૬૪/૬૫, અલ ગદીર ધ બિઝનેસ હબ, હોટેલ વે વેઈટ ચોકડી, રસુલપુર, ખેરાલુ, મહેસાણા, ગુજરાત - ૩૮૪૩૨૫



કુરઆન શિક્ષણ

અઝ : આકાએ નામદાર પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન જાફરી (રહ.)

સ્ત્રીઓના હક્કો માટે કુરઆનનું વર્ણન

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

يٰۤاَيُّهَا النَّبِىُّ اِذَا طَلَّقۡتُمُ النِّسَآءَ فَطَلِّقُوۡهُنَّ لِعِدَّتِهِنَّ وَاَحۡصُوا الۡعِدَّةَ ۚ وَاتَّقُوا اللّٰهَ رَبَّكُمۡ ۚ لَا تُخۡرِجُوۡهُنَّ مِنۡۢ بُيُوۡتِهِنَّ وَلَا يَخۡرُجۡنَ اِلَّاۤ اَنۡ يَّاۡتِيۡنَ بِفَاحِشَةٍ مُّبَيِّنَةٍ ؕ وَتِلۡكَ حُدُوۡدُ اللّٰهِ ؕ وَمَنۡ يَّتَعَدَّ حُدُوۡدَ اللّٰهِ فَقَدۡ ظَلَمَ نَفۡسَهٗ ؕ لَا تَدۡرِىۡ لَعَلَّ اللّٰهَ يُحۡدِثُ بَعۡدَ ذٰلِكَ اَمۡرًا ۝١

۞ અય નબી! જ્યારે તમે લોકો સ્ત્રીઓને તલાક આપો તો તેમની ઈદ્દત (યાને માસિક ઋતુથી પાક થવા)ના સમયે આપો,અને (ઈદ્દત (ના દિવસો) ની ગણતરી રાખો, અને અલ્લાહ (યાને) તમારા પરવરદિગારથી ડરતા રહો; ન તમે (ઈદ્દતની અંદર) તેમને તેમના ઘરોમાંથી કાઢી મૂકો અને ન તેઓ પોતે નીકળી જાય, સિવાય કે તેમને કોઈ ખુલ્લી બેહયાયી (અનીતિ) કરી હોય; અને આ અલ્લાહની (નક્કી કરેલી) હદો છે; અને જે શખ્સ અલ્લાહની (ઠરાવેલી) હદો ઓળંગી જાય તો ખરે જ તેણે પંડે જ પોતાના પર જુલમ કર્યો કહેવાશે; તું શું જાણે કે આ (તલાક) પછી કદાચને અલ્લાહ કોઈ (એવી) વાત પેદા કરે (કે જેથી પાછો મેળાપ થઈ જાય)?

(સૂરા તલાક, આયત–૧)

فَاِذَا بَلَغۡنَ اَجَلَهُنَّ فَاَمۡسِكُوۡهُنَّ بِمَعۡرُوۡفٍ اَوۡ فَارِقُوۡهُنَّ بِمَعۡرُوۡفٍ وَّاَشۡهِدُوۡا ذَوَىۡ عَدۡلٍ مِّنۡكُمۡ وَاَقِيۡمُوا الشَّهَادَةَ لِلّٰهِ ؕ

۞ પછી જ્યારે તેણીઓ પોતાની (ઈદ્દતની) મુદત પૂરી કરી નાખે, તો કાં તો તમે તેમને ભલાઈની સાથે રોકી લો, અથવા તેમને યથાર્થ રીતે રવાના કરી દો;(અને (તલાક આપતી વખતે) તમારામાંથી

ذٰلِكُمْ يُوْعَظُ بِهٖ مَنْ كَانَ يُؤْمِنُ بِاللّٰهِ وَالْيَوْمِ الْاٰخِرِ ؕ وَمَنْ يَّتَّقِ اللّٰهَ يَجْعَلْ لَّهٗ مَخْرَجًا ۙ﴿۲﴾

બે ન્યાયી સાક્ષી રાખજો અને (અય સાક્ષીઓ! અલ્લાહનો ખોફ રાખીને) ઠીક ઠીક સાક્ષી આપજો; આ આજ્ઞાઓની તમારામાંથી તે (લોકો)ને નસીહત કરવામાં આવે છે કે જે અલ્લાહ પર તથા કયામત પર ઈમાન રાખતો હોય; અને જે શખ્સ અલ્લાહથી ડરશે, તેના માટે અલ્લાહ છુટકારાનો માર્ગ કરી દેશે.

(સૂરા તલાક, આયત–૨)

સ્ત્રીઓ વિષેની આયતો

اَلطَّلَاقُ مَرَّتٰنِ ۪ فَاِمْسَاكٌۢ بِمَعْرُوْفٍ اَوْ تَسْرِيْحٌۢ بِاِحْسَانٍ ؕ وَلَا يَحِلُّ لَكُمْ اَنْ تَاْخُذُوْا مِمَّاۤ اٰتَيْتُمُوْهُنَّ شَيْـًٔا اِلَّاۤ اَنْ يَّخَافَاۤ اَلَّا يُقِيْمَا حُدُوْدَ اللّٰهِ ؕ فَاِنْ خِفْتُمْ اَلَّا يُقِيْمَا حُدُوْدَ اللّٰهِ ۙ فَلَا جُنَاحَ عَلَيْهِمَا فِيْمَا افْتَدَتْ بِهٖ ؕ تِلْكَ حُدُوْدُ اللّٰهِ فَلَا تَعْتَدُوْهَا ۚ وَمَنْ يَّتَعَدَّ حُدُوْدَ اللّٰهِ فَاُولٰٓئِكَ هُمُ الظّٰلِمُوْنَ ﴿۲۲۹﴾

❁ તલાક (રદ થઈ શકનાર) બે વખત છે, તે પછી તે (સ્ત્રી)ઓને યોગ્ય રીતે રાખવી અથવા ભલાઈની સાથે તેમને જવા દેવી; અને આ તમારા માટે હલાલ નથી કે જે કાંઈ તમે તેમને આપી ચૂકયા હો તેમાંથી (અર્થાત્ મહેરમાંથી) કાંઈ પણ પાછું લઈ લો, સિવાય એ હાલતમાં કે બન્નેને આ વાતનો ભય હોય કે બન્ને અલ્લાહની હદ(ના નિયમો) પર કાયમ રહી શકશે નહીં; (અય મુસલમાનો!) પછી જો તમને તે (વાત)નો ભય હોય કે બન્ને પક્ષો અલ્લાહની હદ પર કાયમ રહેશે નહીં, તો જો સ્ત્રી પોતાના છુટકારા માટે કાંઈ બદલો આપી દે, તો બન્ને ઉપર કોઈ દોષ નથી; આ અલ્લાહની હદો છે જેથી તેને ઓળંગી જાઓ નહીં, અને જેઓ અલ્લાહની હદો ઓળંગી જાય છે, તેઓ જ જુલમગાર છે.[1]

(સૂરા બકરા, આયત–૨૨૯)

1 ઈદ્દત દરમિયાન સોબત સંબંધી નિયમો ન જાળવી શકાય અથવા પરસ્પર અણગમાને લીધે માઠું પરિણામ આવવાનો ભય હોય, તો સ્ત્રી પોતાની આવી મહેર અથવા તેનો કોઈ ભાગ જતો કરી છૂટકારો મેળવી શકે છે. સ્ત્રીને તલાક આપ્યા પછી ચાર માસ અને દસ દિવસની મુદ્દત સુધી રાહ જોવી તેને ઈદ્દત કહે છે.

ગુરરુલ હિકમ

(હિકમતની જટિલતા અને ઉપદેશનાં મોતી)
(ઈમામ અલી (અ.)નાં બોધવચનો)

ઉર્દૂમાંથી અનુવાદ : જનાબ સૈયદ ઓવેસએહમદ ઝેડ. જાફરી





મોહંમદ (સ.) અને આપ (સ.)ની અહલેબૈત (અ.)

૨૮. ખરેખર, હું મારા રબ તરફથી એક સ્પષ્ટ દલીલ પર છું, દીનમાં અંતરદૃષ્ટિ ધરાવું છું અને મામલામાં યકીન પર છું.

٢٨ـ اِنِّیْ لَعَلٰی بَیِّنَةٍ مِّنْ رَّبِّیْ، وَبَصِیْرَةٍ مِّنْ دِیْنِیْ، وَیَقِیْنٍ مِّنْ اَمْرِیْ

૨૯. ખરેખર, હું હકની સાથે છું અને તેઓ બાતિલ પર છે.

٢٩ـ اِنِّیْ لَعَلٰی جَآدَّةِ الْحَقِّ، وَاِنَّهُمْ لَعَلٰی مَزَلَّةِ الْبَاطِلِ

૩૦. ખરેખર, હું અલ્લાહની હુજ્જતને કાયમ કરવા માટે જ દલીલ કરું છું અને દીનની મદદ માટે જ જિહાદ કરું છું.

٣٠ـ اِنِّیْ لَعَلٰی اِقَامَةِ حُجَجِ اللّٰهِ اُقَاوِلُ، وَعَلٰی نُصْرَةِ دِیْنِهٖ اُجَاهِدُ وَاُقَاتِلُ

૩૧. ખરેખર, હું મારી જાતને એટલી હદે બુલંદ રાખું છું કે એવી કોઈ હાજત જ બાકી ન રહે કે જે મારી ઉદારતાની મર્યાદાની બહાર હોય, અથવા ન તો એવી અજ્ઞાનતા હોય કે એને મારી સહનશીલતા ન સમાવી શકે, અને ન એવો કોઈ ગુનોહ હોય કે જેને મારી માફી ઢાંકી ન શકે, અથવા ન એવો સમયગાળો હોય કે જે મારા (ઈબાદત અને નેક કામો કરવામાં પસાર કરેલા) સમય કરતાં દીર્ઘ હોય.

٣١ـ اِنِّیْ لَاَرْفَعُ نَفْسِیْ اَنْ تَكُوْنَ حَاجَةٌ لَّا یَسَعُهَا جُوْدِیْ اَوْ جَهْلٌ لَّا یَسَعُهٗ حِلْمِیْ اَوْ ذَنْبٌ لَّا یَسَعُهٗ عَفْوِیْ اَوْ اَنْ یَّكُوْنَ زَمَانٌ اَطْوَلَ مِنْ زَمَانِیْ

૩૨. જ્યારે હું રસૂલ (સ.) પાસે કંઈ માગતો, તો

٣٢ـ اِنِّیْ كُنْتُ اِذَا سَئَلْتُ رَسُوْلَ اللّٰهِ صَلَّی اللّٰهُ

عَلَيْهِ وَاٰلِهٖ وَسَلَّمَ اَعْطَانِيْ وَاِذَا سَكَتُّ عَنْ مَّسْاَلَتِهٖ اِبْتَدَاَنِيْ

આપ (સ.) મને આપતા, અને જ્યારે કોઈ કંઈ માગ્યા વગર રહેતો, તો આપ (સ.) સામેથી મને આપતા.

٣٣۔ اِنَّمَا مَثَلِيْ بَيْنَكُمْ كَالسِّرَاجِ فِي الظُّلْمَةِ يَسْتَضِيْٓءُ بِهَا مَنْ وَلَجَهَا

૩૩. હું તો તમારા વચ્ચે એવો છું કે જેવો અંધારામાં દીવો; જે કોઈ પણ તેની નજદીક આવશે તે ફાયદો મેળવશે.

٣٤۔ اِنَّمَا الْاَئِمَّةُ قُوَّامُ اللّٰهِ عَلٰى خَلْقِهٖ وَعُرَفَآؤُهٗ عَلٰى عِبَادِهٖ وَلَا يَدْخُلُ الْجَنَّةَ اِلَّا مَنْ عَرَفَهُمْ وَعَرَفُوْهُ وَلَا يَدْخُلُ النَّارَ اِلَّا مَنْ اَنْكَرَهُمْ وَاَنْكَرُوْهُ

૩૪. ખરેખર, મખ્લૂકમાં ઈમામો જ અલ્લાહ તરફથી નિમાયેલા વસીઓ છે, અને તેઓ બંદાઓને અલ્લાહની માઅરેફત કરાવનારા છે; અને તેમની માઅરેફત ધરાવનાર અને તેઓ જેની માઅરેફત ધરાવે છે તેના સિવાય કોઈ પણ જન્નતમાં દાખલ થઈ શકશે નહીં, અને તેમને નકારી કાઢનારા અને તેમનાથી નકારાયેલા સિવાય કોઈ પણ જહન્નમમાં જશે નહીં.

٣٥۔ اِنَّمَا الْمُسْتَحْفَظُوْنَ لِدِيْنِ اللّٰهِ هُمُ الَّذِيْنَ اَقَامُوا الدِّيْنَ وَنَصَرُوْهُ وَحَاطُوْهُ مِنْ جَمِيْعِ جَوَانِبِهٖ وَحَفِظُوْهُ عَلٰى عِبَادِ اللّٰهِ وَرَعَوْهُ

૩૫. અલ્લાહના દીનનું રક્ષણ કરનાર તો બસ તે લોકો જ છે કે જેઓ દીનને સ્થાપિત કરે છે અને તેની સહાય કરે છે, અને બધી બાજુઓથી તેને આવરી લે છે અને અલ્લાહના બંદાઓ માટે તેનું રક્ષણ કરે છે.

٣٦۔ فِيْ ذِكْرِ رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَاٰلِهٖ وَسَلَّمَ: بَلَّغَ عَنْ رَّبِّهٖ مُعْذِرًا وَّنَصَحَ لِاُمَّتِهٖ مُنْذِرًا وَّدَعَا اِلَى الْجَنَّةِ مُبَشِّرًا

૩૬. રસૂલ (સ.)એ એકએક હુજ્જત કાયમ કરી અલ્લાહનો સંદેશ પહોંચાડ્યો (એ રીતે કે પાછળથી કોઈ બહાનું બાકી ન રહે) અને ઉમ્મતને એક ડરાવનાર બની નસીહત કરી અને એક ખુશખબરી આપનાર બની જન્નતની તરફ બોલાવ્યા.



હઝરત અલી (અ.)ના ખુત્બાઓ, બોધવચનો, પત્રો, જવાબપત્રો, આદેશો, હુજ્જતો, દુઆઓ અને વસિયતોનો સંગ્રહ

نہج الاسرار

નહ્જુલ અસરાર

સંપાદક : મોલવી સૈયદ ગુલામહુસૈન રઝા

અનુવાદક : મો. કાસિમભાઈ વિજાપુરા

(૩) યહૂદી આલિમ: ઈદરીસ (અ.)ને અલ્લાહે ઉચ્ચ મકામ પર ફાઈઝ કર્યા હતા અને તેમની વફાત પછી તેમને જન્નતી મેવાઓ ખવડાવ્યા હતા.

અમીરુલ મોમિનીન (અ.): હા, એવું ચોકકસ છે, પરંતુ મોહંમદ (સ.)ને જે પણ અતા થયું છે, તે એના કરતાંય અધિક અને અફઝલ છે. તેમની પ્રશંસામાં અલ્લાહ તઆલા ફરમાવે છે:

وَرَفَعْنَا لَكَ ذِكْرَكَ ۝

(અને અમે બુલંદ કરી દીધો આપના માટે આપના ઝિક્રને.) [1]

આ બુલંદી અલ્લાહ તરફથી ફઝીલત માટે કાફી છે. જો ઈદરીસ (અ.)ને વફાત પછી જન્નતના તોહફા ખવડાવવામાં આવ્યા હતા, તો મોહંમદ (સ.)ને તો હયાતીની અવસ્થામાં જ આ દુનિયામાં તેનો આસ્વાદ થયો હતો. એક દિવસે આપ (સ.) ભૂખથી બેહાલ હતા, ત્યારે જિબ્રઈલ (અ.) જન્નતમાંથી એક જામ લઈને આવ્યા હતા કે જેમાં જન્નતી મેવા હતા. એટલે સુધી કે તે પ્યાલો તસ્બીહ કરતો 'લા ઈલાહા ઈલ્લલ્લાહ'ની અને તે જામ ઝિક્ર કરતો, 'લા ઈલાહા ઈલ્લલ્લાહ, સુબ્હાનલ્લાહ, અલ્લાહુ અકબર અને અલ્હમ્દુલિલ્લાહ'નો. પછી આપ (સ.)ની અહલેબૈત (અ.)એ તે પ્યાલાને લીધો, તો પણ તેણે તેની તસ્બીહ બરકરાર જ રાખી. તે પછી એક સહાબીએ તેને લેવાની કોશિશ કરી, તો જિબ્રઈલ (અ.)એ તેને લઈ લીધો, અને આપ (સ.)ને કહ્યું, "આ જામને લઈ લો. તે અલ્લાહ તરફથી છે, અને તે જન્નતી છે. નબી (સ.) અને નબી (સ.)ના વસી સિવાય કોઈને આમાંથી ખાવાની અનુમતિ નથી." એટલે આપ (સ.)ની સાથે અમે પણ તેનો સ્વાદ માણ્યો, ખરેખર હું તેની મીઠાશને અત્યારે પણ અનુભવી રહ્યો છું.

(૪) યહૂદી આલિમ: એ નૂહ (અ.) હતા કે જેમણે અલ્લાહના માર્ગમાં અત્યંત સબ્ર અને ધીરજથી કામ લીધું હતું, અને જ્યારે તેમની કોમે તેમને ઠુકરાવી દીધા ત્યારે તેમને દરગુઝર કર્યા હતા.

અમીરુલ મોમિનીન (અ.): બેશક, એવું જ

1 સૂરા ઈન્શિરાહ, આયત–૪

થયું છે. જો કે, મોહંમદ (સ.)એ પણ અલ્લાહના માર્ગમાં સબ્રથી જ કામ લીધું હતું, અને જ્યારે કોમે આપ (સ.)ને ઠુકરાવી દીધા હતા, ત્યારે દરગુઝર કરી હતી. એટલે સુધી કે આપ (સ.)નો બહિષ્કાર કરવામાં આવ્યો, અને આપ (સ.) પર પત્થરો વરસાવવામાં આવ્યા. અબૂ લહબે તો આપ (સ.) ઉપર ઊંટ અને બકરાની હોજરીઓ સુધ્ધાં ફેંકી હતી. આપ (સ.) પર ઉમ્મતે બહુ તકલીફો ગુજારી, તો અલ્લાહે જાબીલ ફરિશ્તાને, કે જે પહાડો પર નિયુક્ત કરવામાં આવ્યો હતો, હુકમ આપ્યો કે પહાડોને ચીરી નાખીને મોહંમદ (સ.)ની પાસે પહોંચી જાય, અને આપ (સ.)ના હુકમોનું પાલન કરે, તેથી તેણે આપ (સ.)ની ખિદમતમાં હાજર થઈને અરજ કરી કે, "હું આપની ઈતાઅત કરવા માટે નિયુક્ત થયેલો છું. જો હુકમ કરો તો હું આ પહાડોને તોડીને તે સર્વેને હલાક કરી દઉં."

જો કે, રહમતુલ્લિલ આલમીન (સ.)એ જવાબ આપ્યો કે, "મને લોકોની તરફ રહમત બનાવીને મોકલવામાં આવ્યો છે, અને હું રાતદિવસ એ જ દુઆ કરતો રહું છું કે, "અય પરવરદિગાર! મારી ઉમ્મતની હિદાયત ફરમાવ, કારણ કે તેઓ જાણતા નથી."" અફસોસ છે તારા પર અય યહૂદી! જ્યારે નૂહ (અ.)એ પોતાની કોમને પાણીમાં ડૂબતી જોઈ, તો તેમને તેમનાં લોહીનાં સગાં પર દયા આવી હતી. આપ (અ.)એ કહ્યું કે, رَبِّ اِنَّ ابۡنِیۡ مِنۡ اَهۡلِیۡ (પાલનહાર! બેશક, મારો બેટો મારી અહલમાંથી છે.)[1] તો અલ્લાહે જવાબ આપ્યો કે, اِنَّهٗ لَیۡسَ مِنۡ اَهۡلِكَ ۚ اِنَّهٗ عَمَلٌ غَیۡرُ صَالِحٍ (એ આપની અહલમાંથી નથી, ખરેખર તે બદઅમલ છે.)[2] મોહંમદ (સ.)ની કોમની બદબખ્તી જ્યારે હદથી વધી ગઈ, અને તેઓ (કાફિરો) આપ (સ.)નાં સગાંવહાલાં પર ઝુલ્મ કરવા લાગ્યા, તો આપ (સ.)એ પણ બદલાની તલવાર તેમના પર ખેંચી દીધી, અને કરાબતને કારણે કોઈના પક્ષપાતી ન થયા કે ન તો તેમના પર રહેમ નજર કરી.

(૫) યહૂદી આલિમ: નૂહ (અ.)એ પોતાના રબથી દુઆ કરી તો આસમાનથી મુસળધાર વરસાદ વરસ્યો હતો.

અમીરુલ મોમિનીન (અ.): હા, ચોક્કસ એવું જ થયું છે, પરંતુ તેમણે તે દુઆ ક્રોધાવેશમાં કરી હતી. અને વાત રહી નબીએ રહમત (સ.)ની, તો આપ (સ.)એ અલ્લાહથી વરસાદની દુઆ કરી, તો તેની અસરસ્વરૂપે આસમાનથી રહમતનો મુસળધાર વરસાદ વરસ્યો હતો જ્યારે કે આપ (સ.) હિજરત ફરમાવીને મદીના પહોંચ્યા હતા. એ જુમ્આનો દિવસ હતો અને કેટલાક મદીનાવાસીઓએ અરજ કરી કે, "યા રસૂલલ્લાહ! વરસાદ બંધ થઈ ગયો છે. ઝાડ પીળાં પડી ગયાં છે ને તેમનાં પાંદડાં ખરી પડ્યાં છે." તેથી આપ (સ.)એ દુઆ માટે પોતાના હાથ મુબારક બુલંદ કર્યા, એટલે સુધી કે બગલની સફેદી નજરે પડવા લાગી. આપ (સ.)એ આવું

1 સૂરા હૂદ, આયત–૪૫
2 સૂરા હૂદ, આયત–૪૬

કર્યું કે તરત આસમાનમાં વાદળો બંધાવા લાગ્યાં. પછી અલ્લાહે તેમને પાણીથી સૈરાબ કરી દીધા. એ સમયે એટલો બધો વરસાદ વરસ્યો કે પૂરની અતિશયતાથી કોઈ નવજવાનમાં પણ એ તાકાત ન રહી કે પોતાના મકાનમાં પાછો પહોંચી શકે. આવી રીતે સતત એક અઠવાડિયું વરસાદ વરસ્યો. પછી લોકો બીજા જુમ્આના દિવસે આવીને કહેવા લાગ્યા કે, "યા રસૂલલ્લાહ! દીવાલો પડી ગઈ છે. સવારીઓ તબેલામાં કેદ છે. મુસાફરીઓ બંધ થઈ ગઈ છે." આપ (સ.)એ હસીને ફરમાવ્યું કે, "બની આદમ દોષ આપવામાં આટલો ઝડપી જ હોય છે!" પછી ફરમાવ્યું, "અલ્લાહ તઆલા! વરસાદને મદીનાની આસપાસ નાઝિલ ફરમાવ. તેને છોડવાઓનાં મૂળ પર અને શહેરના ચરાણવિસ્તાર પર નાઝિલ ફરમાવ, અને અમારા પર ન વરસાવ." એના પછીથી, વરસાદ મદીનાની બહાર જ વરસવા લાગ્યો, અને અલ્લાહની અઝમતથી વરસાદનું એક ટીપું પણ મદીનામાં વરસ્યું નહીં.

(૬) યહૂદી આલિમ: હૂદ (અ.) વિષે કહેવાય છે કે અલ્લાહે પવન દ્વારા તેમને તેમના દુશ્મનો પર વિજય અપાવ્યો હતો. શું અલ્લાહે મોહંમદ (સ.)ની ક્યારેય આ રીતે મદદ કરી છે?

અમીરુલ મોમિનીન (અ.): હા, એવું છે તો ખરું, પરંતુ મોહંમદ (સ.)ને જે અતા થયું છે તે એના કરતાંય અફઝલ છે. બેશક અલ્લાહ અઝઝ વ જલ્લે જંગે ખંદકના દિવસે પવન મોકલીને દુશ્મનો સામે આપ (સ.)ની મદદ કરી હતી કે જે તેમના દુશ્મનો પર કાંકરીઓ વરસાવતો હતો, અને ફરિશ્તાઓની એક ફોજ પણ મોકલી હતી કે જેને કોઈ જોઈ શકતું ન હતું. એટલે અલ્લાહે મોહંમદ (સ.)ને આઠ હજાર ફરિશ્તાઓની ફોજ મોકલીને મદદ કરી હતી તે તેમનું પ્રાધાન્ય હતું. સાથે જ, હૂદ (અ.)ની મદદ જે પવને કરી હતી તે કહેર અને ગઝબનો પવન હતો, અને રીહે મોહંમદ (આપ (સ.) પર આવેલ પવન) રહમતે ખુદાવંદીની હવા હતી, તેથી અલ્લાહ તઆલાએ ફરમાવ્યું:

يَاأَيُّهَا الَّذِيْنَ اٰمَنُوا اذْكُرُوْا نِعْمَةَ اللّٰهِ عَلَيْكُمْ اِذْ جَآءَتْكُمْ جُنُوْدٌ فَاَرْسَلْنَا عَلَيْهِمْ رِيْحًا وَّجُنُوْدًا لَّمْ تَرَوْهَا ؕ وَكَانَ اللّٰهُ بِمَا تَعْمَلُوْنَ بَصِيْرًا ۚ﴿۹﴾

(અય તે લોકો કે જેઓ ઈમાન લાવી ચૂક્યા છો, તમારા પર અલ્લાહની જે નેઅમતો છે તેમને યાદ કરતા રહો કે જ્યારે તમારા પર (દુશ્મનનાં) લશ્કરો આવ્યાં, ત્યારે અમે તેમના પર એક હવા અને એવાં લશ્કરોને મોકલ્યાં કે જેમને તમે જોઈ શકતા ન હતા. ખરે જ અલ્લાહ દરેક વસ્તુને જોનાર છે કે જે તમે કરી રહ્યા છો.) [1]

(૭) યહૂદી આલિમ: એ સાલેહ (અ.) હતા કે જેમના માટે અલ્લાહે ઊંટડીને બહાર કાઢી હતી, અને તેમની કોમ માટે ઈબ્રત બનાવી હતી.

અમીરુલ મોમિનીન (અ.): હા, એવું થયું છે, અને મોહંમદ (સ.)ને જે અતા થયું છે એ તો એના કરતાં કેટલુંય અફઝલ છે. ખરેખર સાલેહ (અ.)

1 સૂરા અલ્અાબ, આયત–૯

ની ઊંટડી ન તો સાલેહ (અ.)ની સાથે વાતચીત કરતી હતી કે ન તેમની નબુવ્વતની ગવાહી આપતી હતી. એક જંગમાં હું મોહંમદ (સ.)ની સાથે હતો. એટલામાં મેં જોયું કે એક ઊંટ અમારી પાસે આવી રહ્યો છે. તે ઊંટ ગાંગરવા લાગ્યો. અને પછી ફઅ્આલુલ લિમા યુરીદે (ચાહે તે કરનારાએ – અલ્લાહે) તેને વાચા અતા ફરમાવી, તો તેણે અરજ કરી, "યા રસૂલલ્લાહ! ફલાણી વ્યકિતએ મારી પાસે કામ કરાવ્યું, એટલે સુધી કે હું ઘરડો થઈ ગયો. હવે તે મારી કુરબાની કરવાની ઇચ્છા રાખે છે. તેથી હું આપની પાસે તેનાથી પનાહ ઇચ્છું છું." રસૂલલ્લાહ (સ.)એ તેના માલિકને કહેણ મોકલ્યું કે ઊંટ મને બક્ષિસમાં આપી દે. તેથી તેણે ઊંટ આપ (સ.)ને બક્ષિસમાં આપી દીધો, અને તે ઊંટ આપ (સ.)ની પાસે મોકલી દીધો.

એક અન્ય વાર હું આપ (સ.)ની સાથે હતો કે જ્યારે એક ઊંટડી લઈને બે અઅરાબી અમારી પાસે આવ્યા. તે જાનવર બાબતે તેમની વચ્ચે મતભેદ હતો; એકે બીજા પર ચોરીનો આરોપ મૂકયો હતો. તે માણસે કહ્યું કે, તેણે તેને એક યહૂદી પાસેથી ખરીદી હતી. જો કે, દાવાદારે તેની વિરુદ્ધ કેટલાક સાક્ષીઓ પાસે ખોટી ગવાહી અપાવી હતી. અચાનક, ઊંટડી બોલવા લાગી, "અય અલ્લાહના રસૂલ! તે વ્યકિત નિર્દોષ છે. આ સાક્ષીઓએ ખોટી ગવાહી આપી છે, અને જેણે મને ચોરી હતી તે ફલાણો યહૂદી હતો."

(૮) યહૂદી આલિમ: ઇબ્રાહીમ (અ.)ને તો અલ્લાહે તેની માઅરેફતથી સૈરાબ કર્યા હતા, અને અલ્લાહ પ્રત્યેનું તેમનું ઈમાન દલીલોથી ખાલી ન હતું.

અમીરુલ મોમિનીન (અ.): હા, એ વાત સાચી છે, કિન્તુ આપ (સ.)ને જે અતા કરવામાં આવ્યું છે તે એના કરતાં વધારે અફઝલ છે. ઇબ્રાહીમ (અ.) ને જ્યારે ઉપરોકત ફઝીલતથી નવાજ્યા ત્યારે તેઓ પંદર વર્ષના હતા. પરંતુ મોહંમદ (સ.) જ્યારે સાત વર્ષના હતા, ત્યારે ઈસાઈ વેપારીઓનું એક જૂથ સફા અને મર્વાની વચ્ચે પોતાના માલસામાન સાથે રોકાયું હતું. એમનામાંથી કેટલાકે આપ (સ.) ને જોયા કે તરત આપ (સ.)ની ઉચ્ચ સિફતો અને બઅસતની ખબરો અને નિશાનીઓને ઓળખી ગયા. તેમણે પૂછ્યું કે, "અય સાહબઝાદા! આપનું નામ શું છે?" કહ્યું કે, "મોહંમદ." પૂછ્યું કે, "આપના વાલિદનું નામ શું છે?" ફરમાવ્યું, "અબ્દુલ્લાહ." જમીનની તરફ ઇશારો કરીને પૂછ્યું કે, "આ શું છે?" ફરમાવ્યું કે, "જમીન." પછી આસમાનની તરફ ઇશારો કરીને પૂછ્યું કે, "આ શું છે?" ફરમાવ્યું કે, "આસમાન." પછી પૂછ્યું કે, "આ બન્નેનો રબ કોણ છે?" ફરમાવ્યું કે, "અલ્લાહ." પછી આપ (સ.) એ તેમને ઠપકો આપીને કહ્યું કે, "શું તમે અલ્લાહ અઝ્ઝ વ જલ્લ વિષે મારા દિલમાં શંકા પેદા કરવા જઈ રહ્યા છો? વાય થાય તમારા પર."

રસૂલલ્લાહ (સ.) માઅરેફતે ખુદાથી આ બધી બાબતોનું ઈલ્મ ધરાવતા હતા, જ્યારે કે આપ (સ.) ની કોમ કુફ્ર પર જ હતી. એમ છતાં કે આપ (સ.) તેમની વચ્ચે હતા, તેઓ લોકોમાં ફાલથી હિસ્સો વહેંચતા હતા, અને બુતપરસ્તી કરતા હતા, તોય મોહંમદ (સ.) 'લા ઈલાહા ઈલ્લલ્લાહ'નો કલેમો પઢ્યા કરતા હતા. (ક્રમશ:)



હઝરત પીર મશાયખ (રહ.) કૃત...

મશાયખવાણી

મક્તૂલનામા

● સત ગોર પીર મશાયખ વાચા ●

બયાન નં.૨૯૦

તબ દુશ્મન સારે, હો એકઠે રે આએ,
તબ ઉનુંકું લેકર, ઘેરેમાં બાએ.

ત્યારે બધા દુશ્મનો ભેગા મળીને આવ્યા, અને અબૂ બક્ર સાહેબને નિશાનો બનાવીને ઘેરામાં લઈ લીધા.

આવ ધાવ પર ધાવ, તીર રે ડલાએ,
તબ એકવીસ જખ્મ, લાગે અનુંકું સુણાએ.

આવી આવીને દુશ્મનો તીરોના ઘા પર ઘા કરવા લાગ્યા, ત્યારે તેમના શરીર ઉપર ૨૧ જખમ લાગ્યા, એવું સાંભળવા મળ્યું છે.

બોત દુશ્મન અનુંને, માર ફના રે કરાએ,
બેગે જખ્મી હોકર, રણમાં ગિરીએ.

અબૂ બક્ર સાહેબે ઘણા બધા દુશ્મનોને મારીને ફના કરી દીધા, પછી તેઓ જખ્મી થઈને રણમેદાનમાં પડી ગયા.

એતે શહીદ તો હોવડે, ઉસ ઠામ રે સહી,
દેખો ચાહતા હેં ત્યું કરતા, વે આપ રે દહી.

એટલામાં તો તેઓ એ જ જગ્યાએ શહીદ થઈ ગયા. જુઓ, આપણો અલ્લાહ તઆલા જે ઈચ્છે છે તે જરૂર કરે છે.

ભી ઉનું બાજ ઉમર, બિન અલી રે કહીએ,
સો અબૂ બક્કર કેરે, ભાઈ રે લહીએ.

એમના પછી જેમને ઉમર બિન અલી (અ.) કહેવામાં આવે છે, તે આવ્યા કે જેઓ અબૂ બક્ર સાહેબના ભાઈ છે.

અને ઓરમાઈ શહઝાદેકે, ભાઈ રે કેહલાએ,
એ રજા તો માંગકર, રણ માંહેં આએ.

અને તેમને ઈમામ હુસૈન (અ.)ના ઓરમાન ભાઈ કહેવામાં આવે છે, તેઓ રજા માગીને રણમેદાનમાં આવ્યા.

અનું ધસ આવ ઘોડા, મેદાન દોડાયા,
આવ મુબારિઝ તલબ, રણમાં કરાયા.

ઉમર બિન અલી (અ.) એકાએક રણમાં

આવીને ઘોડો દોડાવવા લાગ્યા, અને રણમાં લડવૈયાની માગણી કરવા લાગ્યા.

પણ મુબારિઝ અનુંસું, કોઈ હુવા રે નાંહાં,
અનું બોત રે તલબ, કિયા રણકે માંહાં.

તેમણે રણમાં લડવૈયાની ઘણી માગણી કરી, પરંતુ તેમની સામે કોઈ લડવૈયો લડવા તૈયાર ન થયો.

આખર ઘોડા તો અનુંને, લે ફોજમાં ડલાયા,
ધસ દુશ્મન મારે, સાઠ રે સુણાયા.

છેવટે તેમણે ઘોડાને દોડાવીને લશ્કરમાં નાખ્યો, અને એકાએક ૬૦ દુશ્મનોને કતલ કરી નાખ્યા, એવું સાંભળ્યું છે.

એતે શહીદ તો હોવડે, અનુંકી ઝાતી,
એ રણ માંહેં રહે, એસી સુણી રે બાતી.

એટલામાં તેઓ પણ શરીર ઉપર ઘા ખાઈને શહીદ થઈ ગયા, અને આ રીતે તેઓ રણમાં જ રહી ગયા, એવી વાત સાંભળી છે.

એ સુન સુન બાતી, સહી કર લિજે,
અને એક કર રબકું, મન એતના દિજે.

આ વાતો સાંભળીને સાચી માનજે, અને પરવરદિગારને એક જાણીને આટલું મનમાં રાખજે.

રેતૂહી

તરસે રીત પતંગકી,
હોતે શહીદ દેખાય રે, હોતે શહીદ દેખાય;
એસા સુરીજન હાર રે,
કરે જેતા આપ ચાય રે, કરે જેતા આપ ચાય.

ઈમામ હુસૈન (અ.)ના સાથીઓ પતંગિયાની માફક તરસી રહ્યા છે, અને શહીદ થતા જોવા મળે છે, આપણો સર્જનહાર એવો છે કે તે જેટલું ઈચ્છે છે તેટલું કરે છે.

બયાન નં.૨૯૧

અનું બાજ આએ ઉસ્માન, બિન અલી રે કહીએ,
એ ભી ઓરમાઈ શહઝાદેકે, ભાઈ રે લહીએ.

એમના પછી જે આવ્યા તેમને ઉસ્માન બિન અલી (અ.) કહેવામાં આવે છે, એ પણ ઈમામ હુસૈન (અ.)ના ઓરમાન ભાઈ હતા.

અનું શહઝાદે પાસ, આવ રજા રે મંગાઈ,
એ રજા તો શહઝાદેને, દિતી રે સુણાઈ.

તેમણે ઈમામ હુસૈન (અ.)ની પાસે આવીને રજા માગી, અને ઈમામ હુસૈન (અ.)એ તેમને રજા આપી, એવું સાંભળ્યું છે.

અનું ધસ આવ, મેદાન રણકા રે લિતા,
અને મુબારિઝ અનુંને, તલબ રે કિતા.

તેમણે એકાએક આવીને રણમેદાન રોકી લીધું, અને લડવૈયાની માગણી કરવા લાગ્યા.

હો મુબારિઝ અનુંકે, સામી આયા કોઈ નાંહાં,
તબ ઘોડા તો ડાલા, અનું ફોજકે માંહાં.

પણ લડવૈયો બનીને કોઈ તેમની સામે લડવા ન આવ્યો, ત્યારે તેમણે પોતાનો ઘોડો લશ્કરમાં નાખ્યો.

તબ માર માર કહીંયુંકું, લે ઘોડેથી ગિરાએ,
અને કહીયુંકે સર કાટ, લે ધૂલમાં બાએ.

ત્યારે ઘણા બધા દુશ્મનોને મારી મારીને ઘોડા ઉપરથી નીચે પાડી દીધા, અને કેટલાકનાં માથાં કાપીને ધૂળ ભેગાં કરી નાખ્યાં.

એતે અનું તો શહાદત, ઉસ ઠામ પાઈ,
બોત દુશ્મન મારે, એસી કરને લડાઈ.

એટલામાં ઉસ્માન બિન અલી (અ.) પણ લડતાં લડતાં એ જગ્યાએ શહીદ થઈ ગયા, તેમણે એવો જંગ કર્યો કે ઘણા બધા દુશ્મનોને મારી નાખ્યા.

અનું બાજ આએ, ઔન રે જાનો,
સો મુર્તઝા અલીકે, એ ભી બેટે પિછાનો.

એમના પછી ઔન સાહેબ રણમેદાનમાં આવ્યા, અને જાણી લો કે તેઓ પણ મૌલા અલી મુર્તઝા (અ.)ના બેટા હતા.

એ શહઝાદેકે ઓરમાઈ, ભાઈ રે સહી,
કાજ અરજ આવ, શહઝાદેકું કહી.

તેઓ ઈમામ હુસૈન (અ.)ના ઓરમાન ભાઈ હતા, તેમણે આવીને ઈમામ હુસૈન (અ.)ને રણમાં જવાની અરજ કરી.

પણ શહઝાદેને રજા, દિતી રે નાંહાં,
તબ રદ બદલ હુઈ, બોત ઈસ રે માંહાં.

પરતું ઈમામ હુસૈન (અ.)એ તેમને રજા ન આપી, ત્યારે તેમની વચ્ચે રણમાં જવાના બારામાં ઘણી બધી વાતચીત થઈ.

રજા દુજી બાર કેહ કર, અનું માંગ રે લિતી,
અને રણ માંહેં ચલકર, આએ બાત રે સુણિતી.

તેમણે બીજી વાર વિનંતી કરીને રણમાં જવાની રજા માગી લીધી, અને ઘોડો ચલાવીને રણમેદાનમાં આવ્યા, એવી વાત સાંભળી છે.

રેતૂહી

સુન સુન ભાઈ દીનકે,
દિલ રાખો બયાન રે, દિલ રાખો બયાન;
ધ્યાન તો ધરીએ રબકા,
સુનતે નસીહત કેરે કેન રે, સુનતે નસીહત કેરે કેન.

સાંભળ, અય દીનના ભાઈ! આ બયાનોને તારા દિલમાં રાખ, અને આ શિખામણભર્યા શબ્દો સાંભળીને પરવરદિગારને હંમેશાં યાદ રાખ.

ગડમથલ નં.૪૦૦નો ઉકેલ

આડી ચાવીઓ: (૧) બરાઅત (૪) શરબત (૭) રબ (૮) લબ (૧૦) કસ (૧૧) મબલખ (૧૩) નમક (૧૫) દવાત (૧૭) વાર (૧૮) દાલચપાતી (૨૦) સદા (૨૩) બના (૨૪) નસ (૨૬) દમ (૨૭) દવા (૩૦) ખત (૩૨) રહમત (૩૫) તબ (૩૬) લલકાર (૩૮) કબર (૪૦) કબાલા (૪૧) બે **ઊભી ચાવીઓ:** (૧) બરબાદ (૨) રાબ (૩) તલબ (૪) શક (૫) રસન (૬) તલાક (૯) બલ (૧૧) મતલબ (૧૨) ખવાતીન (૧૪) મકસદ (૧૬) વાદા (૧૯) ચના (૨૧) દામનગીર (૨૨) માદરઝાદ (૨૫) સખત (૨૮) વાહ (૨૯) સે (૩૧) તબક (૩૩) મલક (૩૪) તલબા (૩૭) કાલા (૩૯) બકા

Hotel 365

હોટેલ અને રેસ્ટોરન્ટ માલિકો માટે બનાવેલ એક પાવરફુલ All-in-One સોફ્ટવેર છે

જે તમારી હોટેલની તમામ દૈનિક કામગીરીને ઝડપી, સરળ અને સંપૂર્ણ રીતે ઓટોમેટ કરે છે. Hotel Front Desk,Billing, Restaurant POS, Banquet, Inventory, Accounts અને Staff Management હવે બધું જ એક જ સિસ્ટમમાં, ઓછા ખર્ચે અને વધારે કંટ્રોલ સાથે.



Hotel Management System (PMS) **Restaurant POS** **Channel Manager**

Banquet Management System **Token System** **Website + Booking Engine**

ERP Suite : Attendance | Payroll | Purchase | Inventory | Income | Expenses

આ સોફ્ટવેરમાં પથિક ની એન્ટ્રી આપમેળે ભરાઈ જાય છે

- Cloud-Based & Secure
- Easy Check-In / Check-Out (Auto Guest Entry)
- Document Scan
- Mobile Friendly
- Budget Friendly



For Demo

Ahesanali Bhoraniya
+91 7359413187
ahesan@hotel365.io

Scan It

Hasanali Gathamaniya
+91 9724936478
hasan@hotel365.io

میر انیسؔ مرثیہ

મીર અનીસના મરસિયા



મરસિયા–૨૦ (ગતાંકનું ચાલુ) مرثیہ-۲۰

زوجۂ یزید ہند کا قید خانے میں آکر اسیرانِ اہلِ بیتؑ کی حالتِ زار پر اشکبار ہونا

યઝીદની પત્ની હિન્દનું કેદખાનામાં આવીને અસીરાને અહલેબૈત (અ.)ની ખરાબ હાલત પર રડવું

روکر پھر اس سے کہنے لگی ہندِ خوش سیر
ہوں بے قرار صورتِ بسمل میں نوحہ گر
گر کہہ تو دیکھ آؤں انہیں جاکے اِک نظر ۲۹
شاید انہیں سے شہؑ کی مفصّل سنوں خبر
ہیں غیر یا عزیز شہِ انس و جاں کے ہیں
دریافت تو کروں کہ یہ قیدی کہاں کے ہیں

(પછી રડીને નેકચલન હિન્દ તે (યઝીદ)ને કહેવા લાગી કે, “હું નૌહાગર ઘાયલ (વ્યકિત)ની જેમ બેચેન છું. જો તું કહે તો હું એક નજર મારીને તેમને જોઈ આવું. કદાચ તેમની પાસેથી શાહ (હુસૈન (અ.))ની વિગતવાર ખબર સાંભળી લઉં. તેઓ શહે ઈન્સો જાં (હુસૈન (અ.))નાં પરાયાં છે કે સ્વજનો? હું તપાસ તો કરું કે આ કેદીઓ કયાંના છે.”)

ناچار ہو کے ہند سے ظالم نے یہ کہا
جا دیکھ آ انہیں مرا نقصاں ہے اس میں کیا
واں جا کے اور ہووے گا تجھ کو قلق سوا ۳۰
سُنتے ہی یہ کلام اٹھی ہندِ باوفا
پہلو میں مضطرب تھا دل اس حق پرست کا
اُٹھتے ہی جلد حکم دیا بندوبست کا

(નિરુપાય થઈને જાલિમ યઝીદે હિંદને આ પ્રમાણે કહ્યું કે, “જા, જઈને તેમને જોઈ આવ, મારું તેમાં શું

નુકસાન છે? ત્યાં જઈને તને વધારે અફ્સોસ થશે." આટલી વાત સાંભળતાંની સાથે જ વફાદાર હિન્દ ઊભી થઈ. તે હક પરસ્ત (હિન્દ)ના દિલમાં બેચેની હતી, ઊઠતાંની સાથે જ જલ્દી બધી વ્યવસ્થા કરવાનો હુકમ આપી દીધો.)

سب عورتوں کو لے کے چلی جب وہ حق شناس — کہنے لگیں یہ تب جو کنیزیں تھیں آس پاس
کپڑے یہ ملگجے ہیں بدل ڈالیے لباس ۳۱ اس نے کہا کہ ہے مرے دل پر ہجوم یاس
اک دم میں سوگواروں کو میں دیکھ آتی ہوں
کیسا لباس کیا کسی شادی پہ جاتی ہوں؟

(બધી સ્ત્રીઓને લઈને જ્યારે તે હકને ઓળખનારી (હિન્દ) ચાલી, ત્યારે તેની આસપાસ જે કનીઝો હતી, તે કહેવા લાગી કે, "આ કપડાં મેલાં છે, આ લિબાસ બદલી નાખો." તેણીએ કહ્યું કે, "મારા દિલ ઉપર નિરાશાનું વર્ચસ્વ છે. એક વાર (તે) સોગવારોને હું જોઈ તો આવું. કેવો લિબાસ? શું હું કોઈ શાદીમાં જાઉં છું?")

نکلی محل سرا سے یہ کہہ کر وہ خوش سیر — تھیں ساتھ ساتھ چند خواصیں بھی نوحہ گر
پہنچی جنابِ حضرتِ زینبؑ کو یہ خبر ۳۲ رنگ اڑ گیا یہ کہنے لگیں سر کو پیٹ کر
اپنا نہیں خیال بزرگوں کا پاس ہے
ہے ہے کہاں چھپوں وہ مری روشناس ہے

(તે નેકચલન (હિન્દ) આવું કહીને મહેલમાંથી બહાર નીકળી, તેની સાથે સાથે કેટલીક ખાસ દાસીઓ પણ નૌહાગર હતી. જ્યારે બીબી ઝૈનબ (અ.)ને આ ખબર પહોંચી તો આપ (અ.)ના ચહેરાનો રંગ ઊડી ગયો, અને માથું કૂટીને કહેવા લાગ્યાં, "મને પોતાની ચિંતા નથી, (પણ) મારા બુઝુર્ગોનો તો લિહાઝ છે. હાય હાય હું ક્યાં સંતાઈ જાઉં, એ તો મારા ચહેરાથી પરિચિત છે.)

ہے شرم کی جگہ کہ میں ہوں خواہر امام — غمگین و سوگوار و پریشان و تشنہ کام
ہم ہیں فقیر ہم میں امیروں کا کیا ہے کام ۳۳ لوگو بتا نہ دیجو کہیں اس کو میرا نام

پوچھے جو وہ کسی سے کہ زینبؑ کدھر گئی
کہہ دیجیو کہ بھائی کے ہمراہ مر گئی

(અહીં મને શરમ આવે છે હું ઈમામ (અ.)ની બહેન છું. ગમગીન, સોગવાર, પરેશાન, અને નિરાશ છું. અમે ફકીર છીએ, અમારામાં વળી અમીરોનું શું કામ? અય લોકો! કયાંક મારું નામ તમે તેને ન કહી દેતા. જો તે કોઈને પૂછે કે ઝૈનબ કયાં ગઈ? તો કહી દેજો કે (તે પોતાના) ભાઈની સાથે જ મરી ગઈ.")

رو کر ہر اک سے بانوئے ناشاد نے کہا — کیا حاصل اضطراب سے قسمت کا جو لکھا
لوگو خدا کے واسطے چپکے رہو ذرا — ۳۴ — رو رو کے سو گئی ہے ابھی میری دلربا
پھر حشر قیدخانے میں ہوگا جو روئے گی
چونکی اگر تو صبح تلک پھر نہ سوئے گی

(બદનસીબ બાનૂએ રડીને દરેકને કહ્યું, "નસીબમાં જ જો લખેલું હોય તો વ્યાકુળતા (જાહેર) કરવાથી શું મળે? અય લોકો! અલ્લાહ ખાતર જરા ચૂપ બેસી રહો. મારી પ્યારી રડી રડીને હમણાં જ સૂઈ ગઈ છે. જો તે એકાએક ચોંકીને ઊઠી જશે, અને રડશે તો પછી કેદખાનામાં કયામત બરપા થશે, અને સવાર સુધી ફરી નહીં સૂએ.")

چُپ ہو گئے یہ سُن کے اسیرانِ نوحہ گر — جا بیٹھی ایک گوشے میں زینبؑ جھکا کے سر
آئی سواریِ زنِ حاکم قریبِ در — ۳۵ — درباں بھی دور ہٹ گئے دروازہ کھول کر
وحشت پہ قیدخانے کی جس دم نگاہ کی
ہاتھوں پہ ہاتھ رکھ کے خواصوں نے آہ کی

(આ સાંભળીને વિલાપ કરનારા કેદીઓ ચૂપ થઈ ગયા. બીબી ઝૈનબ (અ.) એક ખૂણામાં જઈને પોતાનું માથું ઝુકાવીને બેસી ગયાં. એટલામાં હાકિમની પત્નીની સવારી દરવાજાની નજીક આવી ગઈ. દરવાજો ખોલીને ચોકીદારો પણ દૂર હટી ગયા. કેદખાનાની ભયાનકતા પર જેવી નજર પડી તો હાથ ઉપર હાથ રાખીને તે (હાકિમની) ખાસ સ્ત્રીઓએ આહ ભરી.)

AUTO RELAX

RELAX YOUR CAR

(વાઘરોલ વાળા)

ઓટો રિલેક્ષ | રિલેક્ષ યોર કાર

દર રવિવારે રજા રહેશે.

ટાયર | બેટરી | નાઇટ્રોઝન હવા | કાર વોશિંગ | કાર જનરલ સર્વિસ | ઓઇલ

ટ્યુબલેસ ટાયર પંચર બનાવી આપવામાં આવશે.



તમારી મનપસંદ બ્રાંડના ટાયરના ભાવ

હવે આપ ઘરે બેઠા પણ મેળવી શકો છો.

ટાયરની સાઈઝ અને ટાયરની બ્રાંડ સાથે વોટ્સ એપ કરો અને ભાવ જાણો

96 874 40 530

YOKOHAMA | Continental | BRIDGESTONE | apollo | KELLY TIRES | CEAT | GOODYEAR | MICHELIN | Firestone | JK TYRE | MRF



સંતોષકારક ઇંસ્ટોલેશન | ફિક્સ અને વાજબી ભાવ

3D કમ્પ્યુટરાઇઝ્ડ



વ્હીલ અલાઈમેન્ટ

વ્હીલ બેલેન્સીંગ

કાર વોશિંગ



- ફોમ વોશ
- ઇન્ટીરિયર ક્લીનિંગ
- પોલીશ
- સ્ટીમ વોશ
- વેક્યુમ ક્લીનિંગ

* વ્હીલ અલાઈમેન્ટ અને વ્હીલ બેલેન્સિંગ આધુનિક મશીન દ્વારા અનુભવી ટેકનિશિયનના હાથે ચોકસાઈ સાથે કરવામાં આવે છે. ગ્રાહકનો સંતોષ જ અમારી પ્રથમ પ્રાથમિકતા છે.

* શરતોને આધિન

FOR ANY INQUIRY

+91 96 874 40 530

કાકોશી ચાર રસ્તા, સર્વોદય સત ઈસબગુલ ફેક્ટરીની સામે
અમદાવાદ - પાલનપુર હાઈવે, સિધ્ધપુર -૩૮૪૧૫૧. (ગુજરાત)

سیرت ائمہ اہلبیتؑ

સીરતે અઇમાએ અહલેબૈત (અ.)

(જિલ્દ -૧)

ઉર્દૂમાંથી અનુવાદ:
જનાબ સૈયદ વસીહૈદર ઝેડ. જાફરી

અલ્લામા સૈયદ હાશિમ માઅરૂફ હસની

(ગતાંકનું ચાલુ)

હઝરત અલી (અ.) હજ્જતુલ વિદાઅના સમયે

ઈબ્ને કસીરની 'અલ–બિદાયા વલ–નિહાયા'માં, ઝૈદ ઈબ્ને અરકમથી રિવાયત છે કે જ્યારે રસૂલે અકરમ (સ.) હજ્જતુલ વિદાઅથી પાછા ફર્યા, તો ગદીરે ખુમની જગ્યાએ રોકાઈ ગયા કે જે મોટાં મોટાં ઝાડોથી ભરેલું હતું. જ્યારે તે સાફ કરી દેવામાં આવ્યું તો આપ (સ.) લોકોની વચ્ચે ઊભા થયા અને આપ (સ.)એ ફરમાવ્યું, "અય લોકો! મને બોલાવી લેવામાં આવ્યો છે અને મેં સ્વીકારી લીધું છે તેથી સાંભળી લો કે,

اِنِّیۡ تَارِکٌ فِیۡکُمُ الثَّقَلَیۡنِ کِتَابَ اللّٰہِ وَعِتۡرَتِیۡ اَھۡلَ بَیۡتِیۡ فَانۡظُرُوۡا کَیۡفَ تَخۡلُفُوۡنِیۡ فِیۡھِمَا فَاِنَّھُمَا لَنۡ یَّفۡتَرِقَا حَتّٰی یَرِدَا عَلَیَّ الۡحَوۡضَ

"હું તમારી વચ્ચે તે બે ભારે વસ્તુઓ મૂકી રહ્યો છું, અલ્લાહની કિતાબ અને મારી ઈતરત એટલે મારી અહલેબૈત. તેથી ધ્યાન રાખજો કે તમે મારા પછી તેમની સાથે શું વર્તન કરો છો. આ બન્ને એકબીજાથી ક્યારેય જુદાં પડશે નહીં એટલે સુધી કે મારી પાસે હૌઝ (કૌસર) ઉપર આવી પહોંચે."

તેના પછી રસૂલે અકરમ (સ.)એ ફરમાવ્યું,

اِنَّ اللّٰہَ مَوۡلَایَ وَاَنَا وَلِیُّ کُلِّ مُؤۡمِنٍ وَّ مُؤۡمِنَۃٍ

"અલ્લાહ મારો મૌલા છે અને હું દરેક મોમિન અને મોમિનાતનો મૌલા છું."

પછી આપ (સ.)એ હઝરત અલી (અ.)નો હાથ પોતાના હાથમાં લીધો અને ફરમાવ્યું, مَنۡ کُنۡتُ مَوۡلَاہُ فَھٰذَا عَلِیٌّ مَوۡلَاہُ اَللّٰھُمَّ وَالِ مَنۡ وَّالَاہُ وَعَادِ مَنۡ عَادَاہُ "જેનો હું મૌલા છું, આ અલી પણ તેનો મૌલા છે. અય અલ્લાહ! દોસ્ત રાખ તેને કે જે તેમને દોસ્ત રાખે, અને દુશ્મની રાખ તેનાથી કે જે તેમનાથી દુશ્મની રાખે."

'અલ–બિદાયા વલ–નિહાયા'ના લેખકે તેમાં આ વધારો કર્યો છે કે રાવીએ ઝૈદ ઈબ્ને અરકમને કહ્યું, શું તમે જાતે રસૂલે અકરમ (સ.)થી સાંભળ્યું હતું? તો તેમણે કહ્યું, "તે વૃક્ષો વચ્ચે કોઈ પણ એવું ન હતું કે જેણે રસૂલે અકરમ (સ.)ને પોતાની આંખોથી ન જોયા હોય અને તે ફરમાનને પોતાના કાને ન સાંભળ્યું હોય."

ઈબ્ને કસીરે આ રિવાયતને અદી ઈબ્ને સાબિતના વસીલાથી બરાઅ ઈબ્ને આઝિબથી પણ રિવાયત કરી છે. બરાઅની રિવાયતમાં છે કે જ્યારે રસૂલે અકરમ (સ.) ખુત્બાથી ફારિગ થયા, તો ઉમર ઈબ્ને ખત્તાબે હઝરત અલી (અ.)થી મુલાકાત કરીને કહ્યું, આપને મુબારક થાય કે આપ દરેક મોમિન પુરુષ અને સ્ત્રીના મૌલા થઈ ગયા છો. ઈબ્ને કસીરે તેને સહાબીઓના એક જૂથથી પણ રિવાયત કરી છે.

ઈબ્ને કસીર વધુમાં કહે છે કે હદીસનો મૂળ ભાગ તેનાથી તેનો અર્થ રસૂલે અકરમ (સ.)નો આ કોલ છે; مَنْ كُنْتُ مَوْلَاهُ فَهٰذَا عَلِيٌّ مَوْلَاهُ નિરંતર કહેવાયેલું છે અલબત્ત તેનો બીજો ભાગ એટલે اَللّٰهُمَّ وَالِ مَنْ وَّالَاهُ وَعَادِ مَنْ عَادَاهُ જે ઘણીખરી રિવાયતોમાં આવ્યું છે. સનદો પ્રમાણે મજબૂત રિવાયત છે. આ છે તેમનું પોતાનું મંતવ્ય. તેઓ વધુમાં કહે છે કે રબાહ ઈબ્ને હારિસે જણાવ્યું છે, કે કૂફામાં હઝરત અલી (અ.)ની સેવામાં થોડાક લોકો આવ્યા અને તેમણે કહ્યું, "અસ્સલામો અલયક યા મૌલાના." તો આપ (અ.)એ તેમનાથી ફરમાવ્યું કે, "હું તમારો મૌલા કેવી રીતે થયો જ્યારે કે તમે અરબની કોમ છો?" તે બોલ્યા કે અમે ગદીરે ખુમના દિવસે રસૂલે અકરમ (સ.)ને કહેતાં સાંભળ્યા છે કે, مَنْ كُنْتُ مَوْلَاهُ فَهٰذَا عَلِيٌّ مَوْلَاهُ રબાહ ઈબ્ને હારિસનું કહેવું છે કે જ્યારે તે લોકો પાછા ગયા, તો હું તેમની પાછળ પાછળ ગયો. મેં તેમના સંબંધે પૂછ્યું તો મને કહેવામાં આવ્યું કે તે અન્સારની એક જમાઅત હતી કે જેમનામાં અબૂ અય્યૂબ અન્સારી પણ હતા.

અબૂ હુરૈરાના વિષે રિવાયત છે કે જ્યારે તે મસ્જિદની અંદર આવ્યા, તો લોકો તેમની આસપાસ ભેગા થઈ ગયા. એક યુવાને ઊભા થઈને તેમને પૂછ્યું, હું તમને અલ્લાહની કસમ આપીને પૂછું છું કે શું તમે રસૂલે અકરમ (સ.)ને ગદીરે ખુમના દિવસે હઝરત અલી (અ.) માટે આવું કહેતા સાંભળ્યા હતા?

مَنْ كُنْتُ مَوْلَاهُ فَهٰذَا عَلِيٌّ مَوْلَاهُ اَللّٰهُمَّ وَالِ مَنْ وَّالَاهُ عَادِ مَنْ عَادَاهُ

તેથી તેમણે કહ્યું ખરેખર.

'અલ–બિદાયા'માં ઈબ્ને કસીરે અબૂ હુરૈરાથી એક બીજી રિવાયત જણાવી છે કે રસૂલે અકરમ (સ.) ઉપર આ આયત તે જ સમયે નાઝિલ થઈ:

اَلْيَوْمَ اَكْمَلْتُ لَكُمْ دِيْنَكُمْ وَاَتْمَمْتُ عَلَيْكُمْ نِعْمَتِيْ وَرَضِيْتُ لَكُمُ الْاِسْلَامَ دِيْنًا

આજના દિવસમાં મેં તમારા દીનને સંપૂર્ણ કરી દીધો. તમારા ઉપર મારી નેઅમત પૂરી કરી દીધી અને તમારા માટે દીને ઈસ્લામ પસંદ કર્યો.

(સૂરા માએદા, આયત–૩)

ઈબ્ને કસીરે 'અલ–બિદાયા'માં ગદીરે ખુમમાં રસૂલે અકરમ (સ.)ના રોકાણને વિગતવાર જણાવ્યા પછી કહ્યું છે કે હઝરત અલી (અ.)એ મસ્જિદે કૂફાના આંગણામાં બધા લોકોને ભેગા કર્યા. તેઓમાં થોડાક તે સહાબીઓ પણ હતા કે

જેમણે ૧૦ હિજરીમાં રસૂલે અકરમ (સ.)ની સાથે હજ કરી હતી. તેમનામાં એવા ૧૭ સહાબીઓએ કે જેમણે જંગે બદ્રમાં ભાગ લીધો હતો, ઊભા થઈને ગવાહી આપી કે ગદીરના દિવસે રસૂલે અકરમ (સ.) એ હઝરત અલી (અ.)નો હાથ પોતાના હાથમાં લઈને ફરમાવ્યું હતું કે,

اَلَسْتُ اَوْلٰى بِالْمُؤْمِنِيْنَ مِنْ اَنْفُسِهِمْ قَالُوْا بَلٰى يَا رَسُوْلَ اللّٰهِ فَقَالَ مَنْ كُنْتُ مَوْلَاهُ فَعَلِيٌّ مَوْلَاهُ اَللّٰهُمَّ وَالِ مَنْ وَّالَاهُ وَعَادِ مَنْ عَادَاهُ

શું હું મોમિનોનો તેમની પોતાની જાતથી વધારે માલિક અને મુખ્તાર નથી? બધાએ કહ્યું, "બેશક, યા રસૂલલ્લાહ (સ.)!" ત્યારે રસૂલે અકરમ (સ.)એ ફરમાવ્યું કે, "જેનો હું મૌલા છું, આ અલી પણ તેના મૌલા છે. યા અલ્લાહ! દોસ્ત રાખ તેને કે જે આમને દોસ્ત રાખે, દુશ્મની રાખ તેનાથી કે જે તેમનાથી દુશ્મની રાખે."

ઈબ્ને કસીર વધુમાં કહે છે, ગદીરની હદીસ સંબંધે તિબરીએ બે જિલ્દોમાં સંપાદન કર્યું છે જેમાં તેમણે હદીસની સનદો અને તેના શબ્દો શામિલ કર્યા છે. જો કે, તેમણે તેમાંથી કેટલીકને ઝઈફ (કમજોર) કહી છે, પરંતુ તેમણે આ સ્વીકાર કરવો પડે છે કે આ હદીસ મુતવાતિર (સમયાંતરે કહેવાલી) છે અને તેનાથી ઈન્કારનું કોઈ કારણ નથી. અલબત્ત, તેમના મતે આ હદીસ શીઆઓને લાભકર્તા નથી.

કોઈ પણ સ્થિતિમાં, જેમ કે અમે જણાવ્યું છે તેમ, બધા હદીસકારો અને ઈતિહાસકારોએ ગદીરની હદીસની ઘણી સ્પષ્ટતા સાથે રિવાયત કરી છે દાખલા તરીકે ઈમામ અહમદ ઈબ્ને હંબલે તેમની 'મસ્નદ'માં, રાઝીએ 'તફ્સીરે કબીર'માં, ખતીબે 'તારીખે બગદાદ'માં, તબરાનીએ 'ઝખાઈર'માં, તેમ જ 'રિયાઝુન્નઝિરા' અને 'ફૈઝુલ કદીર'ના લેખકે તેની બન્ને કિતાબોમાં રિવાયત કરી છે. તે બધાએ તેના ઉપર ભાર મૂક્યો છે કે આ સમયે હઝરત ઉમરે હઝરત અલી (અ.)ને આવું કહીને મુબારકબાદ પાઠવી કે આપ મારા અને દરેક મોમિન પુરુષ અને સ્ત્રીના મૌલા થઈ ગયા. એ જ રીતે ઈતિહાસકારોની એક જમાઅતે આ પણ સ્પષ્ટતા કરી છે કે હઝરત અબૂ બક્રે પણ હઝરત અલી (અ.)થી આ જ કહ્યું હતું.

પછી اَلْيَوْمَ اَكْمَلْتُ لَكُمْ دِيْنَكُمْ તે જ સમયે નાઝિલ થઈ.

શેખ મુફીદે 'ઈર્શાદ'માં કહ્યું છે કે રસૂલે અકરમ (સ.)એ હઝરત અલી (અ.) માટે એક જુદો ખૈમો ઊભો કરાવ્યો. અને મુસલમાનોને હુકમ આપ્યો કે તેઓ એક જૂથ પછી બીજું જૂથ તેમાં દાખલ થાય અને હઝરત અલી (અ.)ને અમીરુલ મોમિનીન તરીકે સલામ કરે, તેથી તે બધાંએ એવું જ કર્યું એટલે સુધી કે રસૂલે અકરમ (સ.)ની પત્નીઓ અને બીજી સ્ત્રીઓ કે જે તે સમયે સાથે હતી, તેમણે પણ આના પર જ અમલ કર્યો.

'કાફી'માં અલી ઈબ્ને ઈબ્રાહીમથી, તેમણે પોતાના બાપથી, તેમણે ઈબ્ને અબી ઉમૈરથી,

તેમણે ઉર્વા ઈબ્ને ઉઝૈના અને તેમણે ઝુરારાથી તેમ જ ફુઝૈલ ઈબ્ને યસાર, બુકૈર ઈબ્ને અઈન, મોહંમદ ઈબ્ને મુસ્લિમ અને બુરૈદ ઈબ્ને મુઆવિયાએ ઈમામ મોહંમદ બાકિર (અ.)થી રિવાયત કરી છે કે અલ્લાહે પોતાના રસૂલ (સ.)ને અલી (અ.)ની વિલાયતનો હુકમ મોકલ્યો અને રસૂલે અકરમ (સ.) ઉપર આ આયત નાઝિલ ફરમાવી:

يَاَيُّهَا الرَّسُوْلُ بَلِّغْ مَآ اُنْزِلَ اِلَيْكَ مِنْ رَّبِّكَ ؕ وَاِنْ لَّمْ تَفْعَلْ فَمَا بَلَّغْتَ رِسَالَتَهٗ ؕ وَاللّٰهُ يَعْصِمُكَ مِنَ النَّاسِ

(અય રસૂલ (સ.)! આપના પાલનહાર તરફથી જે કાંઈ આપના ઉપર નાઝિલ કરવામાં આવ્યું છે, તેને પહોંચાડી દો. જો આપે તેવું ન કર્યું, તો જાણે આપે તેની રિસાલતનું કામ કર્યું જ નથી, અને અલ્લાહ આપને લોકોથી સુરક્ષિત રાખશે.)

(સૂરા માએદા, આયત–૬૭)

તેથી, રસૂલે અકરમ (સ.)એ અલ્લાહના હુકમને સંપૂર્ણ કરવા ગદીરે ખુમના દિવસે હઝરત અલી (અ.)ની વિલાયતની જાહેરાત કરી દીધી. તેના પછી અલ્લાહે આ આયત નાઝિલ કરી:

اَلْيَوْمَ اَكْمَلْتُ لَكُمْ دِيْنَكُمْ وَاَتْمَمْتُ عَلَيْكُمْ نِعْمَتِيْ وَرَضِيْتُ لَكُمُ الْاِسْلَامَ دِيْنًا

(આજના દિવસે મેં તમારા દીનને સંપૂર્ણ કરી દીધો. તમારા ઉપર મારી નેઅમતો પૂરી કરી દીધી અને તમારા માટે દીને ઈસ્લામને પસંદ કર્યો.)

(સૂરા માએદા, આયત–૩) (ક્રમશ:)

જાફરી આવાઝ (માસિક)માં લવાજમ, જાહેરાત, ડોનેશન, અવસાન નોંધ કે કોઈ સારા સમાચાર, વગેરે મોકલવા માટે સંપર્ક કરો:

મોમિન રઝાઅલી ખણુશીયા

જાફરી આવાઝ (માસિક) ઑફિસ

મેહેર લાઈબ્રેરી એન્ડ જાફરી સેમિનરી,

મકતબા જાફરીયા, સેદ્રાણા સ્કવેર, સેદ્રાણા.

મોબાઈલ: **84604 92429**

અલ ઇર્શાદ

લેખક : શેખ મુફીદ ઉર્દૂમાંથી અનુવાદ : જનાબ સૈયદ વસીહૈદર ઝેડ. જાફરી

ઇમામ મોહંમદ ઇબ્ને અલી અલ જવાદ (અ.)

ઈમામ અબૂ જાફર અલ જવાદ (અ.)ના મોઅજિઝા અને ઈમામતની દલીલો

(ગતાંકનું ચાલુ)

અબુલ કાસિમ જાફર ઈબ્ને મોહંમદે, મોહંમદ બિન યાકુબની સનદથી, તેમણે એમના ઘણા સાથીઓના હવાલાથી, તેમણે અહમદ ઈબ્ને મોહંમદના હવાલાથી, તેમણે અલ–હજ્જાલ અને અમ્ર બિન ઉસ્માનના હવાલાથી, તેમણે મદીનાના એક શખ્સના હવાલાથી, તેમણે અલ–મિત્રફીના હવાલાથી જણાવ્યું છે કે તેઓ કહે છે,

"ઈમામ અબુલ હસન રઝા (અ.)ની જ્યારે રેહલત થઈ, ત્યારે હું તેમની પાસે (ઈમામ રઝા (અ.) પાસે) ચાર હજાર દિરહમ માગતો હતો. આ વાતની ખબર મારા અને એમના સિવાય બીજા કોઈને નહોતી. બીજા જ દિવસે અબૂ જાફર અલ જવાદ (અ.)એ મને એમની પાસે હાજર થવા માટે તેડું મોકલ્યું. હું બીજે દિવસે આપ (અ.)ની પાસે ગયો. તેઓએ મને કહ્યું: "મારા વાલિદ અબુલ હસન રઝા (અ.) જ્યારે વફાત પામ્યા ત્યારે તેમની પાસેથી તમારે ચાર હજાર દિરહમ લેવાના થતા હતા."

મેં જબાબ આપ્યો, "જી, હા."

તે સમયે આપ (અ.) મુસલ્લા ઉપર બેઠેલા હતા. આપ (અ.)એ એક બાજુથી મુસલ્લો ઉપાડ્યો. મેં જોયું કે તેની નીચે દીનાર મૂકેલા હતા. આપ (અ.)એ તે દીનાર મને આપી દીધા. તે દીનાર બરાબર ચાર હજાર દિરહમ જેટલા થતા હતા.

અબુલ કાસિમ જાફર ઈબ્ને મોહંમદે, મોહંમદ બિન યાકુબના હવાલાથી, તેમણે હુસૈન ઈબ્ને મોહંમદના હવાલાથી, તેમણે મુઅલ્લા ઈબ્ને મોહંમદના હવાલાથી જણાવ્યું કે તેઓ કહેતા હતા કે,

આપ (અ.)ના વાલિદે બુઝુર્ગવારની શહાદત તે સમયે થઈ હતી જ્યારે અબૂ જાફર અલ જવાદ (અ.) નાની વયના હતા. હું (મુઅલ્લા ઈબ્ને મોહંમદે) આપ (અ.)નું બારીકાઈથી નિરીક્ષણ કરવા લાગ્યો કે જેથી હું મારા મિત્રો સામે આપ

(અ.)નું વર્ણન કરી શકું. થોડી વાર ચૂપ રહ્યા પછી આપ (અ.)એ ઇર્શાદ ફરમાવ્યો, "અય મુઅલ્લા! અલ્લાહે ઇમામત માટે એ જ રીતે દલીલ આપી છે જે રીતે નબુવ્વત માટે આપી છે. જેમ કે અલ્લાહે ફરમાવ્યું છે:

وَاٰتَيْنٰهُ الْحُكْمَ صَبِيًّا ﴿١٢﴾

...અમે એમને નાનપણમાં જ હિદાયત અને જ્ઞાન આપ્યું.

(સૂરા મરિયમ, આયત–૧૨)

અબુલ કાસિમ જાફર બિન મોહંમદે, મોહંમદ ઇબ્ને યાકુબના હવાલાથી, તેમણે અલી બિન મોહંમદના હવાલાથી, તેમણે સહલ બિન ઝિયાદના હવાલાથી, તેમણે દાવૂદ ઇબ્ને કાસિમ જાફરીના હવાલાથી જણાવ્યું કે, તે કહેતા હતા કે,

હું (દાવૂદ ઇબ્ને કાસિમ જાફરી) એક દિવસે અબૂ જાફર (ઇમામ જવાદ (અ.))ને મળવા ગયો. તે સમયે મારી પાસે ત્રણ ચર્મપત્ર હતા કે જેના ઉપર કોઈનું નામ લખેલું ન હતું. મને ખબર ન હતી કે આ ચિઠ્ઠીઓ કોની છે, જેના કારણે હું ઘણો ગમગીન હતો.

"આ રય્યાન ઇબ્ને શાબિબનો ચર્મપત્ર છે." પછી આપ (અ.)એ બીજો લીધો અને કહ્યું: "આ ફલાણા શખ્સનો ચર્મપત્ર છે."

મેં જવાબ આપ્યો, "જી હા."

હું નવાઈ પામીને આપ (અ.)ની સામે જોઈ રહ્યો. આપ (અ.) મને જોઈને મલકાયા અને ત્રીજો ચર્મપત્ર લઈને કહ્યું કે આ ફલાણા શખ્સનો ચર્મપત્ર છે.

"જી હા. મારો જીવ આપના ઉપર કુરબાન થઈ જાય." મેં જવાબ આપ્યો.

આપ (અ.)એ મને ત્રણસો દીનાર આપ્યા અને બોલ્યા કે તે દીનારને મારા કાકાની પાસે લઈ જાઓ. જ્યારે તે તમને પ્રશ્ન કરે કે શું તમે કોઈ એવા કારીગરને ઓળખો છો કે જે મારા માટે ફર્નિચર બનાવી આપે? તો તમે કોઈ કારીગરનું સરનામું આપજો.

આ દીનાર લઈને હું આપ (અ.)ના કાકાની પાસે ગયો. તેમણે મને કહ્યું: અબૂ હાશિમ! શું તમે કોઈ એવા કારીગરને ઓળખો છો કે જે મારા માટે ફર્નિચર બનાવી આપે?

"જી હા," મેં જવાબ આપ્યો.

અબૂ હાશિમથી રિવાયત છે:

રસ્તામાં મને એક સારવાન (ઊંટચાલક) મળ્યો કે જે પોતાના ઊંટને લઈને જઈ રહ્યો હતો. તેણે મને કહ્યું કે હું ઇમામ જવાદથી કહો કે તેમના સહાબીઓમાંથી કોઈનો પરિચય કરાવે કે જે આપ (અ.)ની પરિસ્થિતિઓથી વાકેફ હોય.

હું આપ (અ.)ની સેવામાં હાજર થયો. તે સમયે આપ (અ.) જમી રહ્યા હતા. આપ (અ.) ની સાથે ઘણા લોકો જમી રહ્યા હતા. એટલા માટે હું શાંત બેસી રહ્યો. આપ (અ.)એ મને જમવાની દાવત આપી. આપ (અ.)એ તે થાળ મારી આગળ

ધર્યો કે જેમાંથી આપ (અ.) પોતે ખાઈ રહ્યા હતા.

આપ (અ.)એ મને કહ્યું, કોઈ સવાલ કર્યા વિના જમી લો. આમ કહીને આપ (અ.)એ ખાદિમને હુકમ આપ્યો કે સારવાનને પણ બોલાવો કે જે અબૂ હાશિમ સાથે આવ્યો છે, અને તમારી સાથે તેને પણ ખાવામાં શામેલ કરી લો.

અબૂ હાશિમે જણાવ્યું કે:

એક દિવસ હું (ઈમામ જવાદ (અ.)ની સાથે) ફળોના બાગમાં ગયો. મેં આપ (અ.)ને કહ્યું, "હું આપના ઉપર કુરબાન થઈ જાઉં, મને માટી ખાવાની ખૂબ ઈચ્છા થાય છે. મારા માટે અલ્લાહથી દુઆ કરો."

તે સમયે આપ (અ.) ચૂપ રહ્યા. થોડાક દિવસો પછી આપ (અ.)એ મને જણાવ્યું કે, "અય અબૂ હાશિમ! હવે અલ્લાહે તમારામાંથી માટી ખાવાની આદતને દૂર કરી દીધી છે."

અબૂ હાશિમે જણાવ્યું છે કે તે દિવસ પછી મને માટી ખાવાથી નફરત થઈ ગઈ.

આ પ્રકારની રિવાયતો ઘણીબધી છે. આ વિભાગમાં થોડાક બનાવો રજૂ કરવામાં આવ્યા છે કે જે વિષયની ચોખવટ માટે પૂરતા રહેશે, ઈન્શાઅલ્લાહ. (ક્રમશ:)



નુસરતફાતેમા મોહંમદઅલી
વિજાપુરા (જેઠીપુરા)
6.73 CGPA
BSc (Nursing)



KFB Milcano™

भारत का अपना टेस्ट

મિલ્કેનો ડેરી એટલે... મધુર સ્વાદ ની ઓળખ



અમારી પ્રોડક્ટ્સ

દૂધ, દહીં, છાશ, બટર, પનીર, લસ્સી, કોફી, ક્રીમ, શુદ્ધ ઘી,
ગાયનું ઘી, ચીઝ, શ્રીખંડ, માયોનીઝ, ચોકલેટ અને આઈસ્ક્રીમ

KAUSERY FOOD N BEVERAGES PVT. LTD.

Survey No. 116, Village-Sadikpur, Ta-Kheralu, Mehsana, Gujarat-384325.

Mo: +91 76005 09129 | For Orders: +91 72270 78564 / 65

વ્યાપારી પૂછપરછ આવકાર્ય

مصباح الشريعة
મિસ્બાહુશ્શરીઆ

અનુવાદક: હઝરત અલ્હાજ પીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન જાફરી (રહ.)
હાજરપીર સૈયદ મોહંમદ કામરાનહુસૈન જાફરી (મદ્દે.)

اَلْبَابُ الثَّالِثُ عَشَرَ فِي اللِّبَاسِ

બાબ – ૧૩: લિબાસ વિષે

قَالَ الصَّادِقُ عَلَيْهِ السَّلَامُ: زَيِّنْ [اَزْيَنُ] اللِّبَاسِ لِلْمُؤْمِنِ لِبَاسُ التَّقْوٰى، وَاَنْعَمُهُ الْاِيْمَانُ، قَالَ اللّٰهُ تَعَالٰى: "وَلِبَاسُ التَّقْوٰى ذٰلِكَ خَيْرٌ"، وَّاَمَّا اللِّبَاسُ الظَّاهِرُ فَنِعْمَةٌ مِّنَ اللّٰهِ تَعَالٰى تُسْتَرُ بِهَا عَوْرَاتُ بَنِيْ اٰدَمَ، وَهِيَ كَرَامَةٌ اَكْرَمَ اللّٰهُ بِهَا ذُرِّيَّةَ اٰدَمَ مَا لَمْ يُكْرِمْ بِهَا غَيْرَهُمْ، وَهِيَ لِلْمُؤْمِنِيْنَ اٰلَةٌ لِّاَدَآءِ مَا افْتَرَضَ اللّٰهُ عَلَيْهِمْ، وَخَيْرُ لِبَاسِكَ مَا لَا يَشْغَلُكَ عَنِ اللّٰهِ عَزَّ وَجَلَّ، بَلْ يُقَرِّبُكَ مِنْ ذِكْرِهٖ وَشُكْرِهٖ وَطَاعَتِهٖ، وَلَا يَحْمِلُكَ عَلَى الْعُجْبِ وَالرِّيَآءِ وَالتَّزْيِيْنِ وَالتَّفَاخُرِ وَالْخُيَلَآءِ، فَاِنَّهَا مِنْ اٰفَاتِ الدِّيْنِ وَمُوْرِثَةُ الْقَسْوَةِ فِي الْقَلْبِ، فَاِذَا لَبِسْتَ ثَوْبَكَ فَاذْكُرْ سَتْرَ اللّٰهِ عَلَيْكَ ذُنُوْبَكَ بِرَحْمَتِهٖ، وَاَلْبِسْ بَاطِنَكَ كَمَآ اَلْبَسْتَ ظَاهِرَكَ بِثَوْبِكَ، وَلْيَكُنْ بَاطِنُكَ مِنَ الصِّدْقِ فِيْ سِتْرِ الْهَيْبَةِ وَظَاهِرُكَ

હઝરત ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું છે કે, "મોમિનને સૌથી વધારે શોભા આપતો લિબાસ તક્વાનો લિબાસ છે, અને સૌથી વધારે નેઅમતવાળો લિબાસ ઈમાન છે. અલ્લાહ તઆલા ફરમાવે છે કે, "અને તક્વાનો લિબાસ પોતે જ નેકી છે."[1] વળી, જાહેરી લિબાસ તો અલ્લાહ તરફથી મળેલી નેઅમત છે, જેના વડે આદમની ઓલાદની નિર્વસ્ત્રતા છુપાવવામાં આવે છે, અને તે એવી ઈજ્જત છે કે જેના વડે અલ્લાહે આદમની ઓલાદને ઈજ્જત આપી છે, તેના વડે તેમના સિવાય બીજા કોઈને ઈજ્જત આપી નથી, અને તે મોમિનો માટે અલ્લાહે તેમના ઉપર ફરજ કરેલ બાબતોને અદા કરવાનું એક સાધન છે. અને તારો સર્વશ્રેષ્ઠ લિબાસ એ છે કે જે તને અલ્લાહ અઝ્ઝ વ જલ્લથી ગાફિલ ન કરી દે, બલ્કે તને તેના ઝિક્ર, તેના શુક્ર, અને તેની ઇતાઅતથી નજીક કરે. અને તને ખુદપસંદી, રિયાકારી, ભપકા, ફખ્ર અને ઘમંડમાં ન

1 સૂરા એઅરાફ, આયત–૨૬

فِيْ سِتْرِ الطَّاعَةِ، وَاعْتَبِرْ بِفَضْلِ اللهِ عَزَّ وَجَلَّ حَيْثُ خَلَقَ اَسْبَابَ اللِّبَاسِ لِيَسْتُرَ الْعَوْرَاتِ الظَّاهِرَةَ وَفَتَحَ اَبْوَابَ التَّوْبَةِ وَالْاِنَابَةِ وَالْاِغَاثَةِ لِيَسْتُرَ بِهَا الْعَوْرَاتِ الْبَاطِنَةَ مِنَ الذُّنُوْبِ وَاَخْلَاقِ السَّوْءِ، وَلَا تَفْضَحْ اَحَدًا حَيْثُ سَتَرَ اللهُ عَلَيْكَ مَا هُوَ اَعْظَمُ مِنْهُ، وَاشْتَغِلْ بِعَيْبِ نَفْسِكَ وَاصْفَحْ عَمَّا لَا يَعْنِيْكَ حَالُهٗ وَاَمْرُهٗ، وَاحْذَرْ اَنْ يَّفْنٰى عُمُرُكَ بِعَمَلِ غَيْرِكَ وَيَتَّجِرَ بِرَاْسِ مَالِكَ غَيْرُكَ وَتَهْلِكَ نَفْسُكَ، فَاِنَّ نِسْيَانَ الذُّنُوْبِ مِنْ اَعْظَمِ عُقُوْبَةِ اللهِ تَعَالٰى فِي الْعَاجِلِ، وَاَوْفَرِ اَسْبَابِ الْعُقُوْبَةِ فِي الْاٰجِلِ، وَمَا دَامَ الْعَبْدُ مُشْتَغِلًا بِطَاعَةِ اللهِ تَعَالٰى وَمَعْرِفَةِ عُيُوْبِ نَفْسِهٖ وَتَرْكِ مَا يَشِيْنُ فِيْ دِيْنِ اللهِ عَزَّ وَجَلَّ، فَهُوَ بِمَعْزِلٍ عَنِ الْاٰفَاتِ غَآئِصٌ فِيْ بَحْرِ رَحْمَةِ اللهِ تَعَالٰى، يَفُوْزُ بِجَوَاهِرِ الْفَوَآئِدِ مِنَ الْحِكْمَةِ وَالْبَيَانِ، وَمَا دَامَ نَاسِيًا لِّذُنُوْبِهٖ، جَاهِلًا لِّعُيُوْبِهٖ رَاجِعًا اِلٰى حَوْلِهٖ وَقُوَّتِهٖ لَا يُفْلِحُ اِذًا اَبَدًا.

નાખે, કારણ કે તે દીનની આફતોમાંથી છે, અને દિલમાં સખ્તાઈ પેદા કરનાર છે. માટે જ્યારે તું તારાં કપડાં પહેરે, ત્યારે તું યાદ કર કે અલ્લાહે પોતાની રહમત વડે તારા ઉપર તારા ગુનાહોને છુપાવી દીધા, અને જે રીતે તેં તારા જાહેરને તારાં કપડાં વડે લિબાસ પહેરાવ્યો છે, એ જ રીતે તું તારા બાતિનને પણ લિબાસ પહેરાવી દે, અને તારું બાતિન સચ્ચાઈના કારણે હૈબતના પડદામાં હોય, અને તારું જાહેર ઈતાઅતના પડદામાં હોય, અને તું અલ્લાહ અઝ્ઝ વ જલ્લના ફઝ્લ વડે નસીહત પ્રાપ્ત કર, જેવી રીતે કે તેણે લિબાસનાં સંસાધનો પેદા કર્યાં કે જાહેરી નિર્વસ્ત્રતાને છુપાવી શકે. અને તેણે તોબા, રુજૂઅ, ફરિયાદના દરવાજા ખોલી દીધા કે જેથી તેના વડે તે બાતિનની નિર્વસ્ત્રતાને ગુનાહો અને ખરાબ અખ્લાકથી છુપાવી શકે. અને ક્યારેય કોઈને બદનામ ન કર, જેવી રીતે કે અલ્લાહે તારી એ વાત ઉપર પડદો રાખ્યો છે કે જે તે વાત કરતાં પણ વધારે મોટી છે, અને તું પોતાના નફ્સના એબોમાં ધ્યાન આપ, અને તું આંખ આડા કાન કર એનાથી કે જે હાલત અને કાર્ય તારા માટે અર્થહીન હોય, અને તું સાવચેત રહે કે તું તારી ઉંમરને બીજા માટે અમલ કરવામાં ખતમ ન કરે, અને તારી મૂડી વડે તારા સિવાય કોઈ બીજો વેપાર ન કરે અને તારો નફ્સ હલાક ન થઈ જાય, કારણ કે ગુનાહોને ભૂલી જવું દુનિયામાં અલ્લાહ તઆલાની સૌથી મોટી સજાઓમાંથી છે, અને આખેરતમાં સજાનાં

સૌથી પુષ્કળ કારણોમાંથી છે. અને જ્યાં સુધી બંદો અલ્લાહની ઈતાઅત, પોતાના નફ્સના એબોની જાણકારી, અને અલ્લાહ અઝ્ઝ વ જલ્લના દીનમાં ખરાબી પેદા કરનાર વસ્તુઓને છોડવામાં લાગેલો રહેશે, ત્યાં સુધી તે આફતોથી દૂર રહેશે. અને તે અલ્લાહ તઆલાની રહમતના સમુદ્રમાં એવો ડૂબકી લગાવનાર થઈ જશે કે હિકમત અને બયાનના ફાયદાઓના મોતીઓથી તે કામયાબ થશે, અને જ્યાં સુધી તે પોતાના ગુનાહોને ભૂલનાર, પોતાના એબોથી અજાણ, અને પોતાની જ શક્તિ અને કુવ્વત ઉપર આધાર રાખતો રહેશે, ત્યાં સુધી તે ક્યારેય કામયાબ નહીં થાય.”

SINCE 1995

YF

યાદગાર ફેશનવેર (ઈડર વાળા)

+91 92284 15986
+91 99138 12429
+91 97140 11529

અલ્લાહના ફઝ્લો કરમથી, મુર્શિદની દુઆઓથી અને મોમિનોના સાથ-સહકારથી,
આપની જરૂરિયાત મુજબ

જેન્ટ્સવેર | લેડીઝવેર | ચિલ્ડ્રનવેર | હોઝીયરી | સૂટિંગ-શર્ટિંગ

લગતી નવીનતમ વેરાયટી, વાજબી ભાવે, વડાલી ખાતે નવીન ફેમિલી શો-રૂમ શરૂ થઈ ચૂકેલ છે.

શ્રીજી કોમ્પલેક્ષની સામે, મેઈન રોડ, વડાલી - 383235

ફર્મ : યાદગાર ફેશનવેર & હોઝીયરી, બસ સ્ટેશનની સામે, ઇડર

ઇન્શાઅલ્લાહ આપની એકવારની મુલાકાત યાદગાર બની રહેશે.

AHAD™
SOLARTECH

સૂર્ય ઊર્જા સાથે બચતની નવી શરૂઆત


ઘર હોય કે બિઝનેસ – દરેક માટે વિશ્વસનીય સોલાર સોલ્યુશન

રેસિડેન્શિયલ સોલાર પ્રોજેક્ટ

- ₹78,000 સુધીની સબસિડીનો લાભ
- માત્ર ₹1,600 ના સરળ હપ્તેથી શરૂઆત
- સબસિડીના લાભ માટે છેલ્લી તારીખ: 31-03-2027

કોમર્શિયલ સોલાર પ્રોજેક્ટ

- NON-DCR Solar Panelsનો લાભ મેળવો
- ₹10,000 પ્રતિ kW સુધીના વધારાના ખર્ચથી બચો
- સ્કિમના લાભ માટે છેલ્લી તારીખ: 31-12-2026



+91 8140 429 440

અહદ સોલારટેક, બી-103, શાંતમ-7, આર.ટી.ઓ. સર્કલ પાસે, હિંમતનગર, સાબરકાંઠા, ગુજરાત - 383001

તહ્ઝીબુલ ઇસ્લામ تہذیب الاسلام

લેખક: અલ્લામા મોહંમદ બાકિર મજલિસી
ઉર્દૂ અનુવાદક: મૌલાના સૈયદ મક્બૂલઅહમદ દહેલ્વી
ગુજરાતી અનુવાદક: હઝરત પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન જાફરી (રહ.)

પ્રકરણ–૩

ખાવા–પીવાના આદાબ

(૮) મોમિનોની ઝિયાફત (ઉજાણી, મેજબાની)ની ફઝીલત અને તેના આદાબ

હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "જ્યારે કોઈ મોમિન ભાઈ તમારા ઘેર આવે, તો તેને ખાવાનું ખવડાવો, અને જો ખાવાનું ન ખાય તો કોઈ વસ્તુ પીવાની આપો, અને જો આ પણ કબૂલ ન કરે, તો ઓછામાં ઓછું પાણી અથવા તેના હાથ કોઈ ખુશબૂદાર અર્કથી ધોવડાવો."

હઝરત રસૂલલ્લાહ (સ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "મોમિને પોતાના મોમિન ભાઈની ઈજ્જત અને ખાતરદારીમાં જે જે વર્તાણૂક જરૂરી છે, એમાંથી એક એ પણ છે કે તેનો તોહફો કબૂલ કરે, અને જે પોતાની પાસે હોય, તેને તોહફા તરીકે આપે, અને જો ન હોય તો તેના માટે તકલીફ ન કરે."

હઝરત ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું છે કે, "તે વ્યકિત હલાક થશે કે જે પોતાની પાસેની વસ્તુને તુચ્છ સમજે, અને તેને તોહફામાં લાવવામાં ખચકાટ કરે."

મોઅતબર સનદથી એ જ હઝરત (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "જ્યારે કોઈ મોમિન ભાઈ તમારી પાસે આવે, તો ખાવાની જે વસ્તુ ઘરમાં હાજર હોય, તેને લઈ આવો, અને જો તમે તેને બોલાવ્યો હોય, તો તેના માટે તકલીફ ઉઠાવો (તકલીફ ઉઠાવીને મહેમાનનવાઝી કરો)."

હદીસે હસનમાં હિશામથી નકલ કરવામાં આવ્યું છે કે, "હું ઈબ્ને અબી યાફૂરની સાથે હઝરત ઈમામ જાફર સાદિક (અ.)ની સેવામાં ગયો. હઝરત (અ.)એ સવારનો નાસ્તો ખાવા માટે માગ્યો. હિશામે અરજ કરી કે, "હું તો ઓછું ખાઈશ." હઝરત (અ.)એ ફરમાવ્યું કે, "તું એ જાણતો નથી કે મોમિનને પોતાના મોમિન ભાઈથી જેટલી મોહબ્બત હોય છે, એનો અંદાજો એનાથી થઈ શકે છે કે તેણે ખાવામાં કેટલું ખાધું એટલે કે વધારે દોસ્તી હશે, તો એટલું જ તે વધારે ખાશે."" આ વિષયમાં બીજી ઘણી હદીસો આવી છે.

હઝરત ઈમામ અલી રઝા (અ.)એ ફરમાવ્યું કે, "જે વ્યકિત ઉદાર હશે, તે લોકોનું ખાવાનું ખાય છે, જેથી લોકો પણ તેનું ખાવાનું ખાય, અને જે કંજૂસ હોય છે, તે લોકોનું ખાવાનું એ ભયથી ખાતો નથી કે લોકો પણ તેના ત્યાં આવીને ખાવાનું ખાશે."

હઝરત રસૂલલ્લાહ (સ.)એ ફરમાવ્યું છે કે, "વલીમો અને મહેમાની પાંચ પ્રસંગો પર સુન્નત છે: (૧) શાદી (૨) અકીકો (૩) ખત્ના (૪) નવું મકાન ખરીદવું અથવા બનાવવું અને (૫) જે સમયે મુસાફરીથી પાછા ફરી ઘેર આવે ત્યારે."

બીજી હદીસમાં છે કે, "જે સમયે હજની સફરથી પાછો ફરે."

નકલ કરવામાં આવ્યું છે કે, આંહઝરત (સ.) એ તે વલીમામાં શરીક થવાની મનાઈ ફરમાવી છે કે જે અમીરોના માટે ખાસ હોય અને ફકીરોને ઘરમાં બોલાવવામાં ન આવે.

મોઅતબર હદીસમાં આવ્યું છે કે, "કોઈ વ્યકિત શહેરમાં આવે તે પોતાના મોમિન ભાઈના ઘેર તે સમય સુધી મહેમાન છે કે જ્યાં સુધી તે શહેરથી ચાલી ન જાય, અને મહેમાનના માટે યોગ્ય નથી કે તે ઘરના માલિકને ખબર આપ્યા વગર સુન્નત રોઝો રાખે, કેમ કે એવું ન થાય કે ઘરનો માલિક તેના માટે ખાવાનું રંધાવે અને તે બગડે."

એવી રીતે ઘરના માલિકે પણ મહેમાનને ખબર આપ્યા વગર સુન્નત રોઝો રાખવો યોગ્ય નથી કે કદાચ તે તેના રોઝા રાખવાના કારણે શરમ કરે અને ભૂખ્યો રહે.

મોઅતબર સનદથી હઝરત રસૂલલ્લાહ (સ.) થી નકલ કરવામાં આવ્યું છે કે, "મહેમાનની હદ ત્રણ દિવસ છે. ત્રણ દિવસ સિવાય જે મહેમાનની ખાતરદારી કરવામાં આવે તે સદકો છે."

ફરમાવ્યું, "પોતાના મોમિન ભાઈ પાસે એટલો સમય ન રોકાઓ કે તેને ચિંતા થઈ જાય, અને તેની પાસે તમારા માટે ખર્ચ કરવાનું કંઈ ન બચે."

ઈબ્ને અબી યાફૂરે રિવાયત કરી છે કે, "મેં એક મહેમાનને હઝરત ઈમામ જાફર સાદિક (અ.) ના મકાનમાં કોઈ કામ માટે ઊભા થતાં જોયો. હઝરત (અ.)એ તેને રોકી દીધો, અને પોતે ઊભા થઈને તે કામને પૂરું કર્યું. પછી ફરમાવ્યું કે, "હઝરત રસૂલલ્લાહ (સ.)એ મહેમાનથી કામ લેવાની મનાઈ ફરમાવી છે.""

બીજી હદીસમાં નકલ કરવામાં આવ્યું છે કે, "ઈમામ અલી રઝા (અ.)ની સેવામાં એક મહેમાન હતો. તેણે દીવો દુરસ્ત કરવા માટે પોતાનો હાથ લંબાવ્યો. હઝરત (અ.)એ તેને રોકી દીધો, અને પોતે દીવાને દુરસ્ત કરી દીધો. પછી ફરમાવ્યું કે, "અમે અહલેબૈત (અ.) પોતાના મહેમાનોથી કોઈ કામ નથી લેતા.""

હઝરત ઈમામ મોહંમદ બાકિર (અ.) થી નકલ કરવામાં આવ્યું છે કે, "અશકિત અને આળસમાંથી એક વાત આ પણ છે કે કોઈ તમારી સાથે સદ્વર્તન કરે, અને તમે તેનો બદલો ન આપો.

અને મહેમાનથી કોઈ કામ લેવું સભ્યતાથી વિરુદ્ધ છે. તેથી જ્યારે કોઈ મહેમાન આવે, તો ઊતારવામાં એને મદદ કરો, અને જે વખતે એ ઇચ્છે કે પોતાનો સામાન મૂકે, અને જવામાં તેની મદદ ન કરો કે તે નફ્સની કંજૂસીની દલીલ છે. અને જતા સમયે સ્વાદિષ્ટ ખાવાનું પકાવીને ભાથા તરીકે તેને આપો કે આ જવાંમર્દીની દલીલ હશે."

મોઅતબર સનદથી હઝરત રસૂલલ્લાહ (સ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "મહેમાનના હકોમાંથી એક એ પણ છે કે જતી વખતે ઘરનો માલિક ઓછામાં ઓછું ઘરના દરવાજા સુધી તેની સાથે જાય."

હઝરત ઈમામ મોહંમદ બાકિર (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "જ્યારે કોઈ વ્યકિત કોઈના ઘેર જાય, તો જ્યાં ઘરનો માલિક ઉતારે ત્યાં ઊતરે, કેમ કે ઘરનો માલિક પોતાના ઘરની છૂપી બાબતોને સારી રીતે જાણે છે."

હઝરત રસૂલલ્લાહ (સ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "આઠ માણસો એવા છે કે જો તેમને અપમાનિત કરવામાં આવે, તો એમણે પોતાની જાતને ઠપકો આપવો જોઈએ: (૧) તે કે જે કોઈના દસ્તરખ્વાન પર વગર બોલાવ્યે જતો રહે (૨) એ મહેમાન કે જે ઘરના માલિક પર હુકમ ચલાવે (૩) એ કે જે પોતાના દુશ્મનોથી નેકીનો ઇચ્છુક હોય (૪) એ કે જે કંજૂસ લોકોથી બક્ષિસ અને ઉપકારની આશા રાખતો હોય (૫) એ કે જે બે માણસોની વાતચીતમાં એમની મરજી વગર દખલ આપે (૬) એ કે જે બાદશાહો અને સમયના હાકિમોની ઈજ્જત ન કરે (૭) એ કે જે એવી મજલિસોમાં બેસે કે જેમાં બેસવાની તેની યોગ્યતા ન હોય (૮) એ કે જે એવી વ્યકિત સાથે વાત કરે કે જે એની વાત પર ધ્યાન ન આપતી હોય."

બીજી હદીસમાં ફરમાવ્યું છે કે, "પોતાના ખાવા પર એવા લોકોને બોલાવો કે જેમનાથી ફકત ખુદાના ખાતર જ મિત્રતા હોય."

હઝરત ઈમામ મોહંમદ બાકિર (અ.)એ ફરમાવ્યું કે, "જો કોઈ વ્યકિત એક મોમિન ભાઈને જેનાથી ફકત ખુદાના માટે મિત્રતા રાખે છે, પેટ ભરીને ખાવાનું ખવડાવે, તો તે મારી નજીક તેનાથી બહેતર છે કે જે દસ મિસ્કીનોને ખાવાનું ખવડાવે."

ફરમાવ્યું કે, "જ્યારે હઝરત રસૂલલ્લાહ (સ.) મહેમાનની સાથે ખાવાનું ખાતા હતા, તો પોતે સૌથી પહેલાં શરૂઆત કરતા હતા, અને બધાના પછી હાથ રોકતા હતા. (જેથી મહેમાન ભૂખ્યો ન રહે.)"

હઝરત રસૂલે ખુદા (સ.)એ ફરમાવ્યું કે, "જે વ્યકિત કોઈ અન્ય વ્યકિતને પાણી પિવડાવે, તેના માટે જરૂર છે કે તે સૌથી છેલ્લે પાણી પીએ."

હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી સહીહ સનદથી નકલ કરવામાં આવ્યું છે કે, "જ્યારે કોઈ મોમિન તમારા ઘેર આવે, તો તેને એ ન પૂછો કે આજે તમે ખાધું છે કે નહીં, પરંતુ જે કંઈ હાજર હોય, તે લઈ આવો, કેમ કે જવાંમર્દી એમાં છે કે જે

કંઈ ઘરમાં હોય તે હાજર કરી દે."

બીજી રિવાયતમાં ફરમાવ્યું કે, "જો કોઈ વ્યક્તિ હજાર દિરહમ ખાવામાં વાપરે અને એક મોમિન તેમાંથી ખાઈ લે, તો તે ખોટો ખર્ચ ગણાશે નહીં."

ઘણી મોઅતબર હદીસોમાં આવ્યું છે કે, "જે વ્યક્તિ ખુદા પર ઈમાન લાવી છે, અને કયામત પર વિશ્વાસ રાખે છે, તો તેણે પોતાના મહેમાનની ઈજ્જત કરવી જોઈએ."

હઝરત રસૂલલ્લાહ (સ.)એ ફરમાવ્યું કે, "મહેમાનના હકોમાંથી એક એ પણ છે કે તેની ઈજ્જત કરવામાં આવે, અને તેના માટે ખાવાનું હલાલ તરીકાથી લાવવામાં આવે."

ઘણી હદીસોમાં આ વિષયમાં આવ્યું છે કે, "જ્યારે કોઈ મહેમાન આવે છે, તો તે પોતાની રોજી સાથે લાવે છે (આ અલ્લાહનો ફઝલ છે). જ્યારે તે ખાવાનું ખાઈ ચૂકે છે, તો ઘરવાળાંની બક્ષિસ થઈ જાય છે."

બીજી રિવાયતમાં એમ આવ્યું છે કે, "જ્યારે તે ઘેરથી જાય છે, તો ઘરવાળાંના અને તેનાં બાલબચ્ચાંના ગુનાહ બખ્શી દેવામાં આવે છે."

સહીહ હદીસમાં હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "એક કોળિયો કે જે મોમિન ભાઈ મારી પાસે બેસીને ખાય, તો તે મને ગુલામને આઝાદ કરવા કરતાં વધારે પસંદ છે."

હઝરત ઈમામ મોહંમદ બાકિર (અ.) એ ફરમાવ્યું કે, "જો હું ત્રણ મોમિનોને ખાવાનું ખવડાવું, તો તે મારી નજીક સાત ગુલામ આઝાદ કરવાથી બહેતર છે."

હઝરત અમીરુલ મોમિનીન (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "જે મોમિન પોતાના મહેમાનના આવવાથી ખુશ થાય, તેના બધા જ ગુનાહ બખ્શી આપવામાં આવશે, તેણે જમીનથી આસમાનને અલ્લાહના ગુનાહથી ભરી દીધાં હોય તો પણ."

હઝરત રસૂલલ્લાહ (સ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "જે ઘરમાં મહેમાન આવશે નહીં, તેમાં ફરિશ્તાઓ પણ આવવાના નથી."

હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "મોમિન ભાઈના જે હક્કો મોમિન પર વાજિબ છે, એમાંથી એક એ પણ છે કે જ્યારે તે દાવત આપે તો કબૂલ કરે."

હઝરત રસૂલલ્લાહ (સ.)એ ફરમાવ્યું કે, "બધા જ હાજર રહેલા અને ગેરહાજર રહેલાને વસિયત કરું છું કે મુસલમાનની દાવત રદ ન કરતા. ભલે ને અંતર પાંચ માઈલનું કેમ ન હોય, કેમ કે દાવત કબૂલ કરવી એ કાર્યમાંથી છે કે જે દીન માટે જરૂરી છે."

એમ પણ ફરમાવ્યું કે, "જો કોઈ મોમિન મને ઘેટાના થોડા ગોશ્ત માટે પણ બોલાવે, (એટલે કે તેના સિવાય એને કોઈ બીજી વસ્તુ તૈયાર કરવાની શકિત ન હોય), તો પણ હું જરૂર જઈશ."

એમ પણ ફરમાવ્યું કે, "સૌથી વધારે ખરાબ વંચિતતા એ છે કે કોઈ વ્યક્તિ પોતાના ઈમાની ભાઈની દાવત કરે અને તે તેને કબૂલ ન કરે."

આધુનિક સમયમાં એક મુસ્લિમ માટે માર્ગદર્શન

લેખક: ડૉ. સૈયદ હુસૈન નસ્ર અનુવાદક: મોમિન સખાવતઅલી સુણસરા

વિભાગ–૧

ઈસ્લામનો પયગામ

પ્રકરણ ૪: ઈસ્લામી ધર્મશાસ્ત્ર (Theology) (કલામ)

(ગતાંકનું ચાલુ)

મોઅતઝિલા

ઈજિપ્તમાં તેરમી ઈસ્લામી સદીમાં ઘણા મઝહબી ચિંતકો સામે આવ્યા, જેમાંથી સૌથી મહત્ત્વપૂર્ણ 'જમાલુદ્દીન અફ્ઘાની' અને 'મોહંમદ અબ્દુહ' હતા, જેમણે 'કલામ'ને પુનર્જીવિત કરવાની કોશિશ કરી, અને કેટલાક નવા સિદ્ધાંતો રજૂ કરીને તેને તેના જૂના બીબામાંથી બહાર કાઢ્યું, અને આધુનિક સભ્યતાએ ઈસ્લામ સામે જે પડકારો ઊભા કર્યા હતા તેનું નિરાકરણ લાવવાનો પ્રયાસ કર્યો. આ કાર્યમાં ખાસ કરીને મોહંમદ અબ્દુહની કિતાબો જ મહત્ત્વપૂર્ણ હતી, જેમાં તેમની કિતાબ 'રિસાલત અલ–તૌહીદ' (The Treatise of Unity) નોંધપાત્ર છે. તેમાં તેમણે તર્કના ઉપયોગ પર ખૂબ જ ભાર આપીને, પશ્ચિમી ઈલ્મને સમર્થન આપીને, લાંબા સમયથી નિષ્ક્રિય રહેલા મોઅતઝલી સિદ્ધાંતોને ફરીથી જીવંત કરીને 'કલામ'ને પુનર્જીવિત કરવામાં એક નવું પગલું ભરવાનો પ્રયાસ કર્યો. વળી, તેઓ 'કલામ'ના અર્વાચીન વિદ્વાનોની જેમ જ અશ્અરી વિચારધારાની મૂળભૂત ફિલોસફીથી ખાસ પ્રભાવિત નહોતા, અને તેમણે મુખ્યત્વે અશ્અરી ઉપદેશોમાં રહેલાં મઝહબી અને અખ્લાકી મૂલ્યો પર જ વધુ ભાર મૂક્યો. વધુમાં, છેલ્લાં એકસો વર્ષ દરમિયાન, બીજા ઘણા મુસ્લિમ મુતકલ્લિમો અને ચિંતકોએ પણ આ વિષયમાં યોગદાન આપવાનો પ્રયાસ કર્યો છે કે જેને નવું 'કલામ' કહી શકાય. તેમાંથી મુખ્ય 'મોહંમદ ઈકબાલ' છે, કે જેઓ ભારત અને પાકિસ્તાન (કે જે પાછળથી બન્યું, અને જેના તેઓ એક અર્થમાં સ્થાપક હતા)ના વતની હતા, તેમની કિતાબ 'Re-construction of Religious Thought in Islam' (ઈસ્લામમાં ધાર્મિક વિચારનું પુન:ઘડતર) પ્રવર્તિત સમયના ઈસ્લામી ધર્મશાસ્ત્રના ઘડતરની એક કોશિશને રજૂ કરે છે.

શીઆ કલામ

જ્યાં સુધી શીઆ 'કલામ'ની વાત છે, તો ઈસ્લામી ઈતિહાસમાં શીઆ મઝહબના ઈસ્માઈલી ફિરકાએ શરૂઆતમાં જ પોતાનું 'કલામ' વિકસાવી દીધું હતું, અને ત્રીજી તથા ચોથી ઈસ્લામી સદીમાં જ ઈસ્માઈલી 'કલામ'નાં મહત્ત્વનાં લખાણો જોવા મળે છે, જે ત્યાર પછી સદીઓ સુધી ચાલતાં રહ્યાં. 'કલામ'ના આ પ્રકારે પોતાના ખૂબ જ વિશિષ્ટ અકીદાઓ વિકસાવ્યા કે જે નબી અને ઈમામ વચ્ચેના સંબંધ, વહીના જાહેરી અને બાતિની અર્થ, નબુવ્વત અને ઈમામતના સિલસિલા, તેમ જ બીજા વિશેષ ઈસ્માઈલી અકીદાઓ સાથે સંબંધિત હતા. ઈજિપ્તમાં 'ફાતિમી' હુકૂમત સ્થાપિત થયા પછી કાહેરા (Cairo) ઈસ્માઈલી ધર્મશાસ્ત્રની પ્રવૃત્તિનું કેન્દ્ર બન્યું, જ્યારે કે પર્શિયામાં ખુરાસાન એક બીજું મહત્ત્વનું કેન્દ્ર હતું. મોટાભાગના ઈસ્માઈલી મુતકલ્લિમો ફિલૉસફરો પણ હતા. તેમનામાંથી મુખ્ય વ્યક્તિઓ જેમ કે 'અબૂ હાતિમ રાઝી', 'હમીદુદ્દીન કિરમાની' અને 'નાસિરે ખુસ્રો'ને મુતકલ્લિમની સાથે સાથે ફિલૉસફર ગણવા જોઈએ. પર્શિયામાં અલમુત (Alamut)ના પુનરુત્થાન અને 'ફાતિમી' હુકૂમતના પતન પછી, ઈસ્માઈલી વિચારધારાના બે અલગ અલગ ફિરકાઓ ઉદ્‌ભવ્યા, એક યમનમાં કે જે જૂના 'ફાતિમી' મઝહબને અનુસરતો હતો, અને બીજો ફિરકો અલમુત અને તેના આસપાસના વિસ્તારમાં ઉદ્‌ભવ્યો. આ ફિરકો ખૂબ જ 'ક્રાંતિકારી' વલણવાળો હતો, પરંતુ ધીરેધીરે તે તસવ્વુફની નજીક થઈ ગયો. આ બન્ને ફિરકાઓએ ધર્મશાસ્ત્રની મહાન કૃતિઓ રચવાનું સતત ચાલુ જ રાખ્યું, અને આખરે હિન્દુસ્તાનમાં સ્થાયી થયા, જે છેલ્લી બે સદીઓ દરમિયાન ઈસ્માઈલી ફિરકાનું કેન્દ્ર બન્યું.

જો કે, શીઆ ઈસ્નાઅશરી મઝહબે પોતાની શરૂઆતની દીની પ્રવૃત્તિઓનો મોટો ભાગ હદીસ અને કુરઆની તફ્સીરના ક્ષેત્રોને સમર્પિત કર્યો હતો, અને શીઆ 'કલામ' ત્યાં સુધી વ્યવસ્થિત રીતે વિકસિત ન થયું જ્યાં સુધી સાતમી ઈસ્લામી સદીમાં 'નસીરુદ્દીન તૂસી'એ આ કાર્ય હાથ ન ધર્યું. આ હકીકત આશ્ચર્યજનક છે, કેમ કે 'નસીરુદ્દીન તૂસી' અત્યાર સુધીના મહાન ખગોળશાસ્ત્રીઓ અને ગણિતશાસ્ત્રીઓમાંના એક હતા, અને દુનિયાના બધા જ ધર્મોના ઈતિહાસમાં કદાચ આ એકમાત્ર દાખલો હશે કે જ્યાં એક મહાન ગણિતશાસ્ત્રી આટલી મહત્તાવાળા મુતકલ્લિમ પણ હોય. 'નસીરુદ્દીન તૂસી' — જેમણે 'તજ્રીદ અલ–એઅતેકાદ' (Catharsis of Doctrines) લખી હતી, જે શીઆ ઈસ્નાઅશરી મઝહબની ધર્મશાસ્ત્રની કિતાબોમાંની સૌથી મહત્ત્વની છે, તેમના પછી ઘણા આલિમોએ તેમના માર્ગનું અનુસરણ કર્યું, ખાસ કરીને તેમના ખૂબ જ નજીકના શાગિર્દ 'અલ્લામા હિલ્લી'એ. વધુમાં, આ પ્રવૃત્તિ પર્શિયામાં સફવી સમયગાળા સુધી ચાલુ રહી,

જ્યાં 'અબ્દુર્રઝ્ઝાક લાહીઝી' જેવી વ્યકિતઓએ ધર્મશાસ્ત્ર પર અનેક મહત્ત્વપૂર્ણ કૃતિઓ લખી. સુન્ની દુનિયા અને શીઆ દુનિયામાં 'કલામ'ને લઈને સદીઓથી ઘણાં આદાનપ્રદાન પણ થયાં છે. 'જલાલુદ્દીન દવાની' જેવા પણ કેટલાક લોકો હતા, જેમણે પાછલી અશ્અરી વિચારધારા અને શીઆ મઝહબ સાથે સંબંધિત 'કલામ'ના રિસાલાઓ લખ્યા હતા. હકીકતમાં, આ કેવળ અભિપ્રાયોનું જ આદાનપ્રદાન નહોતું, પરંતુ ઈસ્લામી ઉમ્મતના બે મુખ્ય જૂથોના મુતકલ્લિમો વચ્ચે ક્યારેક સામસામે સીધી ચર્ચાઓ પણ થતી હતી.

આજ સુધી, 'કલામ'ની પરંપરા ઈસ્લામની બૌદ્ધિક પરંપરાનું એક મહત્ત્વપૂર્ણ પાસું રહી છે. જો કે, આ સદીના ઘણા મુસ્લિમ ચિંતકોએ ઈસ્લામી રાજકીય વિચારધારા, શરીઅત, ફિકહી મસાઈલ, અને ઈલ્મ તરફ અને પશ્ચિમ દ્વારા ઈસ્લામી દુનિયા માટે ઊભા કરવામાં આવેલા પડકારો તરફ પોતાનું ધ્યાન કેન્દ્રિત કર્યું છે, છતાં એમાં કોઈ શંકા નથી કે ઈસ્લામમાં 'કલામ'ની પરંપરા ઈસ્લામી સભ્યતાના બૌદ્ધિક વારસાનાં મહત્ત્વપૂર્ણ પાસાંમાંથી એક છે, જેમાંથી ઘણાબધા મઝહબી ચિંતકો સતત પ્રેરણા લઈ રહ્યા છે. વધુમાં, ઈસ્લામી સભ્યતામાં મોજૂદ મઝહબી વિચારધારાની સમૃદ્ધ પરંપરાને જાણવા માટે, બીજી ઈસ્લામી સદીથી શરૂ કરીને આપણા આધુનિક યુગ સુધી ચાલુ રહેલી, તેરસોથી વધુ વર્ષોની ધર્મશાસ્ત્રની વિચારધારાની હાજરીને ધ્યાનમાં લેવી આવશ્યક છે.

ફિલોસફી (તત્ત્વજ્ઞાન)

રસૂલલ્લાહ (સ.)એ મુસલમાનોને ઈલ્મ હાસિલ કરવાની હિદાયત કરી હતી, જ્યાંથી પણ તેઓ મેળવી શકે, એટલે સુધી કે એ ચીનમાં હોય તો પણ, જેમ કે એક મશહૂર હદીસમાં છે કે, "ઈલ્મ મેળવો, ભલે ને તે ચીનમાં હોય." હઝરત ઈમામ અલી ઈબ્ને અબી તાલિબ (અ.)થી મન્સૂબ એક હદીસ અનુસાર, શું કહેવામાં આવે છે તેના ઉપર ધ્યાન આપવું જોઈએ, ન કે કોણે કહ્યું છે તેની તરફ. કુરઆન અને હદીસમાં ઈલ્મની પ્રાપ્તિ ઉપર ભાર મૂકવામાં આવ્યો હોવાથી, અને પ્રારંભિક સહાબીઓ દ્વારા કાયમ કરવામાં આવેલ મિસાલોથી પ્રોત્સાહિત થઈને મુસલમાનોએ તેમની સામે આવનારા દરેક પ્રકારના ઈલ્મને સમજવાની કોશિશ કરી. ખાસ કરીને, અરબસ્તાનની બહાર પર્શિયન સામ્રાજ્યમાં, બાયઝેન્ટાઈનના કેટલાક પૂર્વીય પ્રાંતોમાં અને ઉત્તર આફ્રિકામાં ઈસ્લામના સમયોચિત પ્રસારના કારણે, મુસલમાનોએ જે ઈલ્મનો સામનો કરવો પડ્યો તેમાં એથેન્સની ગ્રીક ફિલોસફી અને વિજ્ઞાનનો વારસો, એલેકઝાન્ડ્રિયાની ફિલોસફી અને વિજ્ઞાન, તેમ જ પર્શિયા અને અમૂક અંશે હિન્દુસ્તાન તથા ચીનનું ઈલ્મ પણ શામિલ હતું. પ્રાચીન વિશ્વમાં, ફિલોસફી અને વિજ્ઞાન અલગ ન હતાં. 'એરિસ્ટોટલ' જેવા ઘણા મહાન વૈજ્ઞાનિકો મહાન ફિલોસફરો પણ હતા. એટલા જ

માટે, મુસલમાનોએ પણ ફિલૉસફી અને વિજ્ઞાન સહિતનાં વિવિધ પ્રકારનાં ઈલ્મ કે જે તેમની સામે આવ્યાં, તેમને એકબીજાથી અલગ કર્યા વિના સમજવાનો, તેમને પોતાનાં બનાવવાનો અને તેમના પડકારને સ્વીકારવાનો પ્રયાસ કર્યો.

મુસલમાનો પાસે વિદેશી ભાષાની કિતાબોને અરબી ભાષામાં અનુવાદ કરવા માટે કોઈ બાહ્ય કારણ ન હતું. તેનું કારણ ન તો રાજકીય હતું, કે ન તો આર્થિક કે લશ્કરી, અને ન તો આ કિતાબોને અનુવાદ કરવા માટે તેમના પર બાહ્ય ધાર્મિક દબાણ હતું. આ કારણ ખુદ દીને ઈસ્લામના માળખામાંથી જ ઉદ્‌ભવ્યું હતું, એટલે કે ઈસ્લામમાં ઈલ્મ માટે કરવામાં આવેલી તાકીદ, અને એ હકીકત પણ કે ઈસ્લામ પોતાને માનવજાતનો અંતિમ દીન, અને અગાઉ નાઝિલ થયેલ તમામ વહીઓનો અને ઈલ્મનાં બધાં જ સ્વરૂપોનો વારસદાર માને છે કે જે તોહીદના ઉસૂલની પૃષ્ટિ કરતાં હોય. ઈસ્લામના આ ઉપદેશોને નજર સમક્ષ રાખીને, જ્યારે એક વાર મુસલમાનોએ ઈસ્લામી ઉમ્મતના પાયાઓને મજબૂત કરી દીધા, તો તેઓએ અલગ–અલગ પ્રકારનાં ઈલ્મથી સંબંધિત બીજી ભાષાની કિતાબોના અનુવાદ કરવા તરફ પોતાનું ધ્યાન કેન્દ્રિત કર્યું. મોટાભાગના અનુવાદ ગ્રીક ભાષામાંથી કરવામાં આવ્યા હતા, પરંતુ કેટલાક અનુવાદ સુરયાની, પહલવી અને સંસ્કૃત ભાષામાંથી અને અમુક કિસ્સામાં નબાતી અને લેટિન ભાષામાંથી પણ કરવામાં આવ્યા.

પ્રાચીન સમયનાં મહાન ઈલ્મી કેન્દ્રો, જે ગ્રીસ અને એલેકઝાન્ડ્રિયાની વિચારધારાઓનાં વારસદાર હતાં તે, અને તેમના પહેલાં ઈજિપ્ત, બેબિલોન તથા પર્શિયાનાં ઈલ્મી કેન્દ્રો પણ, આ બધાં જ મુસલમાનોના હાથમાં આવી ગયાં. ઍન્ટિઓક (Antioch), ઈડેસ્સા (Edessa), હર્રાન (Harran) અને જુન્દિશપુર (Jundishapur) જેવાં શહેરો દારુલ ઈસ્લામનો ભાગ બની ગયાં. ઉમવી હુકૂમતના અંતમાં અને અબ્બાસી હુકૂમતની શરૂઆતમાં આ કેન્દ્રો અને અન્ય કેન્દ્રોમાંથી આવનારા વિદ્વાનોની મદદ વડે પ્રાચીન ભાષાઓમાંથી અરબીમાં અનુવાદો થવા લાગ્યાં. આ અનુવાદ પ્રક્રિયામાં લગભગ ૧૫૦ થી ૨૦૦ વર્ષ લાગ્યાં, આ દરમિયાન પ્રાચીનકાળની મોટાભાગની ફિલૉસફી અને વિજ્ઞાનનો અરબી ભાષામાં અનુવાદ કરવામાં આવ્યો, અને આગામી ૭૦૦ વર્ષ માટે 'અરબી' દુનિયાની સૌથી મહત્ત્વપૂર્ણ વૈજ્ઞાનિક ભાષા બની ગઈ. આજે પણ તે વિશ્વની સૌથી સમૃદ્ધ ભાષાઓમાંથી એક છે, જેનું મુખ્ય કારણ અલબત્ત ખાસ કરીને કુરઆની વહીની ભાષા હોવું છે, અને બીજું કારણ મુસલમાન ચિંતકોએ આ ભાષામાં જે લખ્યું તે છે, પરંતુ તેની સમૃદ્ધિ પ્રાચીનકાળના વારસાના અરબીમાં થયેલા અસંખ્ય અનુવાદોના કારણે પણ છે.

મામૂનના શાસનકાળ દરમિયાન બગદાદમાં

અનુવાદનો સમયગાળો તેની ચરમસીમાએ હતો. આ જ સમયે પ્રચલિત 'બૈતુલ હિકમા' (House of Wisdom)ની પણ સ્થાપના કરવામાં આવી, અને કિતાબોનો અરબી ભાષામાં અનુવાદ કરવા માટે શ્રેષ્ઠ અનુવાદકોને દૂર દૂરથી આમંત્રિત કરવામાં આવ્યા, જેના માટે તેમને ઉદારદિલે વળતર આપવામાં આવતું હતું. આ અનુવાદકોમાં સૌથી મશહૂર અને સક્ષમ 'હુનૈન ઇબ્ને ઇશહાક' હતા, જે ઈસાઈ–અરબ ચિકિત્સક અને ફિલોસફર હતા, જેમને તેમની વિચારધારાના કેટલાક લોકોએ પણ (આ કામમાં) મદદ કરી હતી, તેમાં તેમના ભત્રીજા અને તેમના પરિવારના બીજા ઘણા સભ્યોનો સમાવેશ થાય છે. પરંતુ એવા મહત્ત્વના અનુવાદકો પણ હતા જેમણે પહલવી ભાષામાંથી અનુવાદ કર્યા, જેમાં મુખ્ય હતા 'ઇબ્ને મુકફ્ફા', જેમણે પ્રખ્યાત 'અલ–કલીલાહ વલ–દિમ્નાહ'ને પહલવી ભાષામાંથી અરબીમાં રૂપાંતરિત કરી. આ અનુવાદકોની કોશિશોનું પરિણામ એ આવ્યું કે પ્રાચીનકાળનાં વિજ્ઞાન અને ફિલોસફી મુસલમાનો માટે સુલભ બન્યાં, અને એક પડકાર ઊભો કર્યો કે જેનો પ્રત્યુત્તર મુસલમાનોએ આપવો પડ્યો. આ પ્રત્યુત્તરે ઇસ્લામી ફિલોસફી અને ઇસ્લામી સભ્યતાની અંદર જુદાંજુદાં વિજ્ઞાનોનો પાયો નાખ્યો.

રસૂલલ્લાહ (સ.)એ ફરમાવ્યું છે કે, "સર્વશ્રેષ્ઠ કાર્ય અલ્લાહ ખાતર મોહબ્બત અને અલ્લાહ તઆલા ખાતર નફરત છે."

હઝરત ઇમામ જાફર સાદિક (અ.)એ રાવીને પૂછ્યું કે, "તમે તમારા ભાઈઓ પ્રત્યે કેવી મોહબ્બત ધરાવો છો?" તો રાવીએ કહ્યું કે, "હું આપના ઉપર ફિદા થઈ જાઉં! અલ્લાહની કસમ, હું તેમની સાથે સૌથી વધારે મોહબ્બત અને સૌથી વધારે મવદ્દત કરું છું." તો ઇમામ (અ.)એ ફરમાવ્યું કે, "જ્યારે પણ તમે કોઈ માણસને જુઓ કે તે પોતાના ભાઈઓ પ્રત્યે તીવ્ર મોહબ્બત ધરાવે છે, તો એવી જ રીતે તે પોતાના દીનમાં પણ હશે."

રસૂલલ્લાહ (સ.)એ ફરમાવ્યું છે કે, "મોમિનનું મોમિનની સાથે અલ્લાહ ખાતર મોહબ્બત કરવું ઈમાનનું સૌથી મહાન ક્ષેત્ર છે. તમે જાણી લો કે જેણે અલ્લાહ ખાતર મોહબ્બત કરી, અલ્લાહ ખાતર નફરત કરી, અલ્લાહ ખાતર આપ્યું, તથા અલ્લાહ ખાતર રોકી લીધું, તો તે અસ્ફિયાઅલ્લાહ (અલ્લાહે પાક કરીને પસંદ કરી લીધેલા બંદાઓ)માંથી છે." [1]

1 મતાઉસ્સકલૈન લિ - મુજાલિદહુસૈન, ભાગ–૨, સફહા–૧૦૯

ZAHAB
JEWELLERS

હવે, ધોળકા અને હિંમતનગર શહેરમાં

ભવ્ય શો-રૂમ સાથે

જ્યાં ભરોસો, ભવ્યતા
અને શણગારની દુનિયા



100% BIS હોલમાર્ક | 100% પથ્થરની માટી

Zahab Jewellers

+91 99254 22977

દુકાન નંબર બી6-બી7-બી8 ગ્રાઉન્ડ ફ્લોર, શાંતમ-7, આર.ટી.ઓ. સર્કલ પાસે, હિંમતનગર, સાબરકાંઠ, ગુજરાત-383001

+91 95371 12977

ગ્રોઉન્ડ ફ્લોર, અમન કોમ્પ્લેક્સ, અમન પાર્ક પાસે, બાલાસ ચોકડી, ધોળકા-બાવળા હાઇવે, ધોળકા, ગુજરાત-382225

સ્થાપક: અકબરઅલી આઈ. ચારોલીયા (સેદ્રાણા)

www.zahabjewellers.com

હઝરત અકીલ (અ.)ના ફરઝંદો

- મૌલવી મોહંમદઅલી ભગત (બાદરપુર)

અબ્દુલ્લાહ ઈબ્ને મુસ્લિમ ઈબ્ને અકીલ (અ.)

ઈમામ હુસૈન (અ.)ના સહાબી. કરબલાના શહીદ.

પરિચય:

આપ (અ.)નાં વાલિદાનું નામ રુકૈયા બિન્તે ઈમામ અલી (અ.) હતું.[1] તેઓ હઝરત ઉમર ઈબ્ને અલી (અ.)નાં સગાં બહેન હતાં, અને આ બન્નેનાં વાલિદા ઉમ્મે હબીબ બિન્તે ઈબાદ ઈબ્ને રબીઆ ઈબ્ને યહ્યા ઈબ્ને અલ–અબ્દ ઈબ્ને અલ્કમા અલ–તગ્લિબિયા હતાં, જેમને મૌલા અલી (અ.)એ જંગે યમામા અથવા જંગે ઐન અલ–તમરમાં ખરીદ્યાં હતાં.[2] આમ, હઝરત અબ્દુલ્લાહ (અ.) હઝરત ઈમામ હુસૈન (અ.)ના ભાણીયા પણ થતા હતા.

શહાદત:

કેટલીક રિવાયતોમાં છે કે બની હાશિમમાંથી સૌથી પહેલા શહીદ હઝરત અબ્દુલ્લાહ (અ.) હતા.[3] અને કેટલીક રિવાયતો પ્રમાણે હઝરત અલી અકબર (અ.) પછી આપ (અ.) શહીદ થયા હતા.[4]

જ્યારે હઝરત ઈમામ હુસૈન (અ.)ના સહાબીઓમાંથી કોઈ બાકી ન રહ્યું, ફક્ત બની હાશિમ જ બાકી હતા, જેમાં મૌલા અલી (અ.) ના ફરઝંદો, હઝરત જાફરે તય્યાર (અ.)ના ફરઝંદો, હઝરત અકીલ (અ.)ના ફરઝંદો, હઝરત ઈમામ હસન (અ.) અને હઝરત ઈમામ હુસૈન (અ.)ના ફરઝંદો હતા, તો બધા જ બની હાશિમના જવાનો ભેગા થયા અને એકબીજાને વિદાય આપવા લાગ્યા, અને જંગ કરવાનો મજબૂત ઈરાદો કરી દીધો. તો સૌથી પહેલાં જે જવાન બહાર આવ્યા, તે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મુસ્લિમ ઈબ્ને અકીલ (અ.) હતા. આપ (અ.)એ આ મુજબ રજઝ પઢી કે, "હું આજે મુસ્લિમ (અ.)ને મળીશ, જેઓ મારા વાલિદ છે."[5] આપ (અ.)એ ૩ દુશ્મનોને કતલ કરી દીધા.[6] ત્યાર પછી ઉમર ઈબ્ને સઅદના લશ્કરમાંથી અમ્ર ઈબ્ને સબીહ નામના દુશ્મને હઝરત અબ્દુલ્લાહ (સ.)ની તરફ એક તીર ફેંક્યું, એ વખતે આપ (અ.) એ પોતાનો હાથ પેશાની પર રાખેલો હતો, તેથી તીર આપ (અ.)ના હાથ મુબારકને ચીરીને પેશાની મુબારકમાં જતું રહ્યું, જેથી આપ (અ.) ડરી ગયા.

1 તારીખે તબરી, જિલ્દ–૫, સફહા–૪૬૯; અલ–કામિલ ફી અલ–તારીખ, જિલ્દ–૨, સફહા–૫૮૨

2 ઈબ્સાર અલ–ઐન ફી અન્સાર અલ–હુસૈન (અ.), સફહા–૮૯

3 મુસીર અલ–અહ્ઝાન, સફહા–૬૭

4 અલ–અખ્બાર અલ–તુવાલ, સફહા–૨૫૭; અલ–ઈર્શાદ, જિલ્દ–૨, સફહા–૧૦૭

5 મકતલ અલ–હુસૈન (અલ–ખ્વારિઝમી), જિલ્દ–૨, સફહા–૨૬; અલ–દુતૂહ, જિલ્દ–૫, સફહા–૧૧૦

6 અલ–અમાલી (શૈખ સદૂક), સફહા–૨૨૫

આપ (અ.)ને હલવાની તાકાત ન રહી. પછી બીજા એક દુશ્મને નેઝાથી વાર કર્યો, જે આપ (અ.)ના દિલ પર વાગ્યો.[1] જ્યારે આપ (અ.)ની પેશાની મુબારક પર તીર વાગ્યું, તો આપ (અ.)એ ફરમાવ્યું કે, "યા અલ્લાહ! આ લોકો અમને ઓછા સમજે છે અને અમને અપમાનિત સમજે છે, તો યા અલ્લાહ! તું એમની સાથે પણ એવી જ રીતે જંગ કરજે, જેવી રીતે તેઓ અમારી સાથે જંગ કરે છે, અને તેમને એવી જ રીતે અપમાનિત કરજે, જેવી રીતે તેઓ અમને અપમાનિત સમજે છે."[2] આપ (અ.) ત્યાં જ શહીદ થઈ ગયા. શહાદત વખતે આપ (અ.)ની ઉંમર ૨૬ વર્ષ[3] અથવા ૧૪ વર્ષ[4]ની હતી. ઈમામે ઝમાના (અ.)થી મન્સૂબ એક ઝિયારતમાં આપ (અ.) પર આ રીતે સલામ મોકલવામાં આવી છે:

اَلسَّلَامُ عَلٰى قَتِيْلِ بْنِ قَتِيْلٍ عَبْدِ اللّٰهِ بْنِ مُسْلِمِ بْنِ عَقِيْلٍ وَّلَعَنَ اللّٰهُ قَاتِلَهٗ عَامِرَ بْنَ صَعْصَعَةَ وَقِيْلَ اَسَدَ بْنَ مَالِكٍ

(સલામ થાય શહીદના બેટા શહીદ પર, (એટલે કે) અબ્દુલ્લાહ ઈબ્ને મુસ્લિમ ઈબ્ને અકીલ પર, અને અલ્લાહની લાનત થાય આપ (અ.)ના કાતિલ આમિર ઈબ્ને સઅસઆ પર, અથવા અસદ ઈબ્ને માલિક પર.)

*

મોહંમદ ઈબ્ને મુસ્લિમ ઈબ્ને અકીલ (અ.)

ઈમામ હુસૈન (અ.)ના સહાબી. કરબલાના શહીદ.

પરિચય:

આપ (અ.) હઝરત અબ્દુલ્લાહ (અ.)ના ઓરમાન ભાઈ થતા હતા. આપ (અ.)નાં વાલિદા એક કનીઝ હતાં.[5]

શહાદત:

હઝરત અબ્દુલ્લાહ (અ.)ની શહાદત પછી અબૂ તાલિબ (અ.)ના બધા જ ફરઝંદોએ એકીસાથે હુમલો કર્યો. તો ઈમામ હુસૈન (અ.)એ તેમને સંબોધીને ઊંચા અવાજે ફરમાવ્યું કે, "અય મારા કાકાના દીકરાઓ! મોતની સામે મજબૂતાઈથી ઊભા રહેજો." એટલામાં હઝરત મોહંમદ ઈબ્ને મુસ્લિમ ઈબ્ને અકીલ (અ.) ઘોડા પરથી નીચે પડ્યા, અને શહીદ થઈ ગયા. આપ (અ.)ને અબૂ મર્હમ અઝદી અને લકીત ઈબ્ને અય્યાસ અલ-જુહની નામના બે દુશ્મનોએ શહીદ કર્યા હતા.[6]

*

મોહંમદ ઈબ્ને અબી સઈદ ઈબ્ને અકીલ (અ.)

ઈમામ હુસૈન (અ.)ના સહાબી. કરબલાના શહીદ.

હઝરત અકીલ (અ.)ની ઓલાદમાંથી જે જે કરબલામાં શહીદ થયા હતા તેમાં આપ (અ.) પણ હતા. કેટલાક તારીખી દસ્તાવેજોના આધારે, આપ

1 અલ-ઈર્શાદ, જિલ્દ-૨, સફ્હા-૧૦૭; ઈઅલામ અલ-વરાઅ, જિલ્દ-૧, સફ્હા-૪૬૫

2 તારીખે તબરી, જિલ્દ-૬, સફ્હા-૬૪

3 લુબાબ અલ-અન્સાબ, જિલ્દ-૧, સફ્હા-૩૯૯

4 તન્કીહ અલ-મકાલ, જિલ્દ-૨, સફ્હા-૨૧૮

5 ઈબ્સાર અલ-ઐન ફી અન્સાર અલ-હુસૈન (અ.), સફ્હા-૯૦

6 મકાતિલ અલ-તાલિબિયીન, સફ્હા-૯૭

(અ.) મૌલા અલી (અ.)ના જમાઈ હતા.[1] હઝરત મોહંમદ ઈબ્ને અબી સઈદ ઈબ્ને અકીલ (અ.)એ જંગના મેદાનમાં આવીને જંગ કર્યો. આપ (અ.) ને લકીત ઈબ્ને યાસિર અલ–જુહનીએ પેશાની મુબારક પર તીર મારીને શહીદ કર્યા હતા.[2] શહાદત વખતે આપ (અ.)ની ઉંમર ૨૫ વર્ષની હતી.[3]

ઈમામે ઝમાના (અ.)થી મન્સૂબ એક ઝિયારતમાં આપ (અ.) પર આ રીતે સલામ કરવામાં આવી છે:

اَلسَّلَامُ عَلٰى مُحَمَّدِ بْنِ اَبِىْ سَعِيْدِ بْنِ عَقِيْلٍ وَّلَعَنَ اللّٰهُ قَاتِلَهٗ لَقِيْطَ بْنَ يَاسِرِ ِالْجُهَنِيِّ

(સલામ થાય મોહંમદ ઈબ્ને અબી સઈદ ઈબ્ને અકીલ પર, અને અલ્લાહ લાનત કરે આપ (અ.) ના કાતિલ લકીત ઈબ્ને યાસિર અલ–જુહની પર.)

*

હઝરત જાફર ઈબ્ને અકીલ (અ.)

ઈમામ હુસૈન (અ.)ના સહાબી. કરબલાના શહીદ.

આપ (અ.)નાં વાલિદાની કુન્નિયત 'ઉમ્મુસ્સગ્ર' હતી, અને હઝરત મુસ્લિમ ઈબ્ને અકીલ (અ.)ની જેમ આપ (અ.) પણ મૌલા અલી (અ.)ના જમાઈ હતા.[4]

હઝરત જાફર ઈબ્ને અકીલ (અ.) જંગના મેદાનમાં આવ્યા અને બે દુશ્મનોને કતલ કરી દીધા. એવું પણ કહેવાય છે કે ૧૫ ઘોડેસવારોને કતલ કર્યા, અને પછી આપ (અ.) શહીદ થઈ ગયા. આપ (અ.)ના કાતિલનું નામ બિશ્ર ઈબ્ને ખૌત અલ–હમદાની હતું.[5] શહાદત વખતે આપ (અ.)ની ઉંમર ૨૩ વર્ષની હતી.[6]

ઈમામે ઝમાના (અ.)થી મન્સૂબ એક ઝિયારતમાં આપ (અ.) પર આ રીતે સલામ મોકલવામાં આવી છે:

اَلسَّلَامُ عَلٰى جَعْفَرِ بْنِ عَقِيْلٍ لَّعَنَ اللّٰهُ قَاتِلَهٗ وَرَامِيَهٗ بِشْرَ بْنَ خَوْطِ ِالْهَمْدَانِيِّ

(સલામ થાય જાફર ઈબ્ને અકીલ પર, અલ્લાહ લાનત કરે આપ (અ.)ના કાતિલ અને આપ (અ.) પર તીર ફેંકનારા બિશ્ર ઈબ્ને ખૌત અલ–હમદાની પર.)

*

અબ્દુર્રહમાન ઈબ્ને અકીલ (અ.)

ઈમામ હુસૈન (અ.)ના સહાબી. કરબલાના શહીદ.

આપ (અ.) પણ મૌલા અલી (અ.)ના જમાઈ હતા, અને આપ (અ.)નાં ઝૌજાનું નામ ખદીજા હતું.[7] આપ (અ.) દેખાવમાં લાંબા હતા,

1 નસબ કુરૈશ, સફહા–૪૬; અલ–તબકાત અલ–કુબ્રા, જિલ્દ–૮, સફહા–૪૬૮

2 અલ–મનાકિબ (ઈબ્ને શહરઆશૂબ), જિલ્દ–૪, સફહા–૧૦૬

3 લુબાબ અલ–અન્સાબ, જિલ્દ–૧, સફહા–૪૦૬

4 તઝ્કિરા અલ–ખવાસ્સ, સફહા–૨૫૫

5 અલ–મનાકિબ (ઈબ્ને શહરઆશૂબ), જિલ્દ–૪, સફહા–૧૦૫; બિહારુલ અન્વાર, જિલ્દ–૪૫, સફહા–૩૨

6 લુબાબ અલ–અન્સાબ, જિલ્દ–૧, સફહા–૪૦૧

7 નસબ કુરૈશ, સફહા–૪૫; અન્સાબ અલ–અશ્રાફ, જિલ્દ–૨, સફહા–૨૨૮

એટલા માટે આપ (અ.)ને 'રુમ્હ અકીલી (અકીલના નેઝા)' કહેવામાં આવતા હતા.[1]

હઝરત અબ્દુર્રહમાન ઈબ્ને અકીલ (અ.) મેદાનમાં આવ્યા, અને ૧૭ ઘોડેસવારોને કતલ કર્યા, પછી આપ (અ.)ને ઉમર ઈબ્ને ખાલિદ ઈબ્ને અસદ અલ-જુહનીએ શહીદ કરી દીધા.[2] શહાદત વખતે આપ (અ.)ની ઉંમર ૩૫ વર્ષ હતી.[3]

*

અબ્દુલ્લાહ અલ-અકબર ઈબ્ને અકીલ (અ.)

ઈમામ હુસૈન (અ.)ના સહાબી. કરબલાના શહીદ.

આપ (અ.) પણ મૌલા અલી (અ.)ના જમાઈ હતા.[4] આપ (અ.) પણ હઝરત અકીલ (અ.)ની એ ઓલાદમાં શામિલ હતા કે જેઓ કરબલામાં શહીદ થયા હતા. આપ (અ.)ને ઉસ્માન ઈબ્ને ખાલિદ અલ-જુહનીએ શહીદ કર્યા હતા.[5]

આ ઉપરાંત, કરબલામાં હઝરત અકીલ (અ.) ની ઓલાદમાંથી હઝરત મૂસા ઈબ્ને અકીલ (અ.), હઝરત ઔન ઈબ્ને અકીલ (અ.), હઝરત અલી ઈબ્ને અકીલ (અ.), હઝરત જાફર ઈબ્ને મોહંમદ ઈબ્ને અકીલ (અ.), હઝરત અહમદ ઈબ્ને મોહંમદ ઈબ્ને અકીલ (અ.) પણ શહીદ થયા હતા.

1 લુબાબ અલ-અન્સાબ, જિલ્દ-૧, સફહા-૨૬૦

2 અલ-મનાકિબ (ઈબ્ને શહરઆશૂબ), જિલ્દ-૪, સફહા-૧૦૫; અલ-ફુતૂહ, જિલ્દ-૫, સફહા-૧૧૧

3 લુબાબ અલ-અન્સાબ, જિલ્દ-૧, સફહા-૪૦૧

4 નસબુ કુરૈશ, સફહા-૪૫; અલ-મઆરિફ, ઈબ્ને કુતૈબા, સફહા-૨૦૫

5 અઅયાન અલ-શીઆ, જિલ્દ-૪, સફહા-૨૫૧



આપણા ઘરની વાતો

અભિનંદન...



મકતબા જાફરીયા નૉલેજ એન્ડ રિસર્ચ એકેડેમીના સાયન્સ વિભાગમાં આસી. પ્રોફેસર તરીકે ફરજ બજાવતા મુશાહિદપુરા (અબલુવા)ના વતની **ખોરજીયા અતામોહંમદ શરીફભાઈ**એ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણમાંથી રસાયણશાસ્ત્ર વિષયમાં "Photochemical and Biological Studies of Some Lanthanide Complexes" વિષય પર સંશોધન કાર્ય પૂર્ણ કરી પી.એચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી છે.

ઈન્નાલિલ્લાહે...



કેસિમ્પાનિવાસી **મર્હૂમા મો.મરયમબેન હબીબભાઈ શેરસીયા** મુ.તા. ૦૩, રબી. અવ્વલ-૧૪૪૮ તા.૧૭/૦૮/૨૦૨૬ને સોમવારના રોજ ૮૪ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યાં છે. ⟶



⟵ બાદરપુર (બેંગ્લોર)નિવાસી **મર્હૂમ હાજી ખાદિમહુસૈન ઈસ્માઈલભાઈ બટ્ટી** મુ.તા. ૧૮, રબી.અવ્વલ-૧૪૪૮ તા.૦૧/૦૯/૨૦૨૬ને મંગળવારના રોજ ૫૧ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યા છે.



સેટ્રાણાનિવાસી **મર્હૂમ મો.ક્મ્બરઅલી ઈસ્માઈલભાઈ અબુજી** મુ.તા. ૨૦, રબી.અવ્વલ-૧૪૪૮ તા.૦૩/૦૯/૨૦૨૬ને ગુરુવારના રોજ અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યા છે. ⟶



⟵ કેસીમ્પાનિવાસી **મર્હૂમ હાજી હાસમભાઈ સુલેમાનભાઈ શેરસીયા (ભગત)** મુ.તા. ૦૮, રબી.અવ્વલ-૧૪૪૮ તા.૨૩/૦૮/૨૦૨૬ને શનિવારના રોજ અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યા છે.



કેસીમ્પાનિવાસી **મર્હૂમ મો.અબ્બાસઅલી ગુલામભાઈ વઝીરભાઈ મુખી** મુ.તા. ૩૦, રબી.અવ્વલ-૧૪૪૮ તા.૧૩/૦૯/૨૦૨૬ને રવિવારના રોજ ૬૧ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યા છે. ⟶

અલ્લાહ તઆલા તમામ મર્હૂમને ગરીકે રહમત કરે, અને તેમના કુટુંબીજનોને સબ્રે જમીલ અતા ફરમાવે, આમીન.

જાફરી આવાઝ(માસિક)ને મળેલ ડોનેશનની યાદી

રૂા.૫૦૦૦/- હાજી ઈસ્માઈલભાઈ સાવદીભાઈ બટ્ટી (બાદરપુર) તરફથી મર્હૂમ હાજી ખાદિમહુસૈન ઈસ્માઈલભાઈ બટ્ટીની રૂહના સવાબ અર્થે.

રૂા.૫૦૦૦/- બટ્ટી કુટુંબના સભ્યો (બાદરપુર) તરફથી મર્હૂમ હાજી ખાદિમહુસૈન ઈસ્માઈલભાઈ બટ્ટીની રૂહના સવાબ અર્થે.

રૂા.૫૦૦/- મો.ગુલામહુસૈન સુલેમાનભાઈ ચૌધરી (દશાવાડા) તરફથી તેમના બહેન અમીનાબેનની રૂહના સવાબ અર્થે.

રૂા.૩૦૦૦/- મર્હૂમા મો.મરયમબેન હબીબભાઈ શેરસીયા (કેસીમ્પા)ની રૂહના સવાબ અર્થે.

મર્હૂમા મો.મરયમબેન હબીબભાઈ શેરસીયા (કેસીમ્પા)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.

રૂા.૫૦૦/- મો.રસૂલભાઈ હબીબભાઈ મુખીના પરિવારજનો તરફથી

રૂા.૨૦૦/- મો.સુલેમાનભાઈ નશીરભાઈ શેરસીયા

મર્હૂમ મો.કમ્બરઅલી ઈસ્માઈલભાઈ અબુજી (સેદ્રાણા)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.

રૂા.૫૦૦/- મો.અકબરઅલી ઈસ્માઈલભાઈ અબુજી

રૂા.૫૦૦/- મો.સબીનાબાનું અકબરઅલી અબુજી

રૂા.૫૦૦/- મો.મહેરુન્નિસા ગુલામહુસૈન બાલસાણીયા (જાફરીપુરા)

મર્હૂમ હાજી હાસમભાઈ સુલેમાનભાઈ શેરસીયા (ભગત) (કેસીમ્પા)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.

રૂા.૧૦૦૦/- મો.રિઝવાનઅલી હાસમભાઈ શેરસીયા

રૂા.૧૦૦૦/- મો.શબ્બીરઅલી હાસમભાઈ શેરસીયા

રૂા.૫૦૦/- મો.મુખ્તારહુસૈન રિઝવાનઅલી શેરસીયા

રૂા.૫૦૦/- મો.ગુલામભાઈ રસૂલભાઈ નાગલપરા

રૂા.૨૦૦/- મો.ગુલામરસૂલ સુલેમાનભાઈ શેરસીયા

રૂા.૧૦૦/- મો.ગુલામહૈદર હબીબભાઈ ઉમતીયા

રૂા.૧૦૦/- મો.ઓવેશઅહમદ શબ્બીરઅલી શેરસીયા

રૂા.૧૦૦/- મો.મોહંમદઅઝીમ શબ્બીરઅલી શેરસીયા

રૂા.૧૦૦/- મો.હસનઅલી હબીબઅલી ઉમતીયા

રૂા.૧૦૦/- મો.મોહંમદભાઈ સુલેમાનભાઈ મુખી

રૂા.૨૫૦/- મો.માસૂમભાઈ રસૂલભાઈ નાગલપરા

રૂા.૨૫૦/- મો.આશિકઅલી શબ્બીરભાઈ રામસડા

રૂા.૨૫૦/- મો.આબિદઅલી ઈસ્માઈલભાઈ આગલોડીયા

રૂા.૨૫૦/- મો.ગુલામહૈદર રહીમભાઈ માણસીયા

રૂા.૧૦૦/- મો.રોશનઅલી ઈસ્માઈલભાઈ શેરસીયા

રૂા.૨૫૦/- મો.ઈસ્માઈલભાઈ રસૂલભાઈ નાગલપરા

રૂા.૫૦૦/- મો.સુગરાબેન હાસમભાઈ શેરસીયા

રૂા.૫૦૦/- મો.સલમાબેન રિઝવાનઅલી શેરસીયા

રૂા.૨૦૦/- મો.અત્હરફાતેમા શબ્બીરઅલી શેરસીયા

રૂા.૧૦૦/- મો.હુસૈનાબેન ગુલામહૈદર ઉમતીયા

રૂા.૧૦૦/- મો.સકીનાબેન હસનઅલી ઉમતીયા

રૂા.૧૦૦/- મો.ફાતેમાબેન રોશનભાઈ શેરસીયા

રૂા.૧૦૦/- મો.ફિઝાબેન મોહંમદભાઈ મુખી

રૂા.૧૦૦/- મો.હુરીબેન ગુલામરસૂલ શેરસીયા

રૂા.૨૫૦/- મો.ફિઝાબેન માસૂમભાઈ નાગલપરા

રૂા.૨૫૦/- મો.રહમતબેન ઈસ્માઈલભાઈ નાગલપરા

રૂા.૨૫૦/- મો.હબીબાબાનું આશિકઅલી રામસડા

રૂા.૨૫૦/- મો.નજમાબેન ગુલામહૈદર માણસીયા

રૂા.૨૫૦/- મો.ફરઝાનાબેન આબિદઅલી આગલોડીયા

રૂા.૨૫૦/- મો.અસમતફાતેમા રિઝવાનઅલી શેરસીયા

રૂા.૨૫૦/- મો.હમીદાફાતેમા મુખ્તારહુસૈન શેરસીયા

રૂા.૧૦૦૦/- મર્હૂમ મો.અબ્બાસઅલી ગુલામભાઈ વઝીરભાઈ મુખી (કેસીમ્પા)ની રૂહના સવાબ અર્થે.

રૂા.૫૦૦/- ફાતેમાબેન ગુલામહુસૈન મોમિન (કાટવાડ) તરફથી વલીઅહદ પીર સૈયદ મોહંમદ મુન્તઝિમહુસૈન જાફરી (મદ્દે.)ની વિલાદતની ખુશાલી પ્રસંગે.

રૂા.૨૫૦/- બંદએ ખુદા

Trusted Since
2014

MARVEL
JEWELLERS



દરેક પ્રસંગની ઉજવણીને
ભવ્ય બનાવો
નવીન અને આકર્ષક
ડીઝાઈન્સ સાથે

વર્ષોનો વિશ્વાસ | 100% BIS હોલમાર્ક | 100% બાયબેકની ગેરંટી

મારવેલ જ્વેલર્સની મેનેજમેન્ટની શાખાઓ

મુંબઈ
દુ.નં. 3/એ, હરયુ સિંધ બહાર કો.ઓ. સોસાયટી, ફીશ માર્કેટની નજીક, બહેરામ બાગ રોડ, જોગેશ્વરી, મુંબઈ-400102
+91 99205 56429

સિદ્ધપુર
દુ.નં. 38-39, શ્લોક એમ્પાયર, તાવડીયા ચાર રસ્તા, સિદ્ધપુર-384151
+91 73595 70530

છાપી
દુ.નં. 2, સાગર કોમ્પલેક્ષ, પીરોજપુરા રોડ, છાપી ડાઇવે-385210
+91 76988 29593

વદાણી
પ્રોપર્ટી નં. 1/291-292-293, સુપર માર્કેટની બાજુમાં, વદાણી-મેસર રોડ, લક્ષ્મીપુરા, જી. પાટણ - 384265
+91 63571 60571

અમદાવાદ
દુ.નં. 26, હિમાલીયા ફલકનુમા, રોયલ અકબર ટાવરની પાછળ, APMC - સરખેજ રોડ, જુહાપુરા, અમદાવાદ - 380055
+91 70695 70530

સુરત
HAYATT JEWELLERS
ગ્રાઉન્ડ ફ્લોર, શોપ નં. 1-2-3, બ્લોસમ એવન્યુ, અડાજણ પાટીયા, સુરત પીન-૩૯૫૦૦૯
+91 87805 30370

www.marveljewellers.com info@marveljewellers.com

Powering Stability, Securing Energy

ADVANCE
POWER

એડવાન્સ પાવર

તમારી દરેક પાવર જરૂરિયાત માટે વિશ્વસનીય ઉકેલ

ઘર, ઓફિસ, વ્યવસાય અને ઉદ્યોગ માટે વિશ્વસનીય પાવર સોલ્યુશન્સ.

એડવાન્સ પાવર દ્વારા સ્ટેબિલાઇઝર્સ, યુપીએસ સિસ્ટમ્સ,
ઇન્વર્ટર્સ અને બેટરીઝની વિશાળ શ્રેણી આધુનિક ટેક્નોલોજી,
ઉત્તમ કાર્યક્ષમતા અને વિશ્વસનીય સુરક્ષા સાથે.

ઓથોરાઇઝ્ડ
ડિસ્ટ્રિબ્યુટર

AMAZE
INVERTERS ϟ BATTERIES ϟ SOLAR



એડવાન્સ પાવર સોલ્યુશન્સ
બી-૨૭, ઓર્ચિડ કોમ્પ્લેક્સ, પીરોજપુરા રોડ,
છાપી,બનાસકાંઠા – ૩૮૫૨૧૦, ગુજરાત.

96627 58052
901 691 5489

myadvancepower.com

/advancepower